RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 170* Date: 18.04.2022 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

**જહાંગીરપુરી હિંસા પાછળ રોહિંગ્યાનો હાથ : ભાજપે આરોપ લગાવ્યા**

# જહાંગીરપુર સહિત દિલ્હીના અન્ય સંવેદનશીલ વિસ્તારોમાં વધારાના સુરક્ષા દળો તૈનાત

નવીદિલ્હી,તા.૧૭

દિલ્હી પોલીસે રાષ્ટ્રીય રાજધાનીના જહાંગીરપુરી વિસ્તારમાં હિંસાના સંબંધમાં એફઆઈઆર નોંધી છે. નવી દિલ્હીના કાયદો અને વ્યવસ્થાના વિશેષ પોલીસ કમિશનર દીપેન્દ્ર પાઠકે જણાવ્યું હતું કે, ''અમે આ ઘટનામાં એફઆઈઆર નોંધી છે અને તપાસ શરૂ કરી છે. પરિસ્થિતિ હવે શાંતિપૂર્ણ અને નિયંત્રણમાં છે. આ કેસમાં અત્યાર સુધીમાં ૧૫ લોકોની અટકાયત કરવામાં આવી છે અને તેમની પૂછપરછ ચાલી રહી છે.દિલ્હીના જહાંગીરપુરી વિસ્તારમાં હનુમાન જયંતિની શોભાયાત્રા પર પથ્થરમારો બાદ ફાટી નીકળેલી હિંસા અંગે યુપીમાં સુરક્ષા એજન્સીઓને એલર્ટ કરી દેવામાં આવી છે. પશ્ચિમ ઉત્તર પ્રદેશ સહિત રાજયના અન્ય સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ તૈયાર છે અને જરૂર પડ્યે ફ્લેગ માર્ચ પણ કરી રહી છે. યુપી પોલીસના એડિશનલ ડાયરેક્ટર જનરલ, કાયદો અને વ્યવસ્થા, પ્રશાંત કુમારે તમામ જિલ્લાના પોલીસ કેપ્ટનોને એલર્ટ રહેવાનો નિર્દેશ આપ્યો છે.

જહાંગીરપુરી હિંસા પર દિલ્હી પોલીસ કમિશનર રાકેશ અસ્થાનાએ કહ્યું છે કે જે લોકો કાયદો અને વ્યવસ્થાને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરશે તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. હિંસા આચરનારા બદમાશોને બક્ષવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે જહાંગીરપુર સહિત દિલ્હીના અન્ય સંવેદનશીલ વિસ્તારોમાં વધારાના સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે. વરિષ્ઠ અધિકારીઓને એલર્ટ રહેવા અને પરિસ્થિતિ પર નજર રાખવા માટે કહેવામાં આવ્યું છે. જહાંગીરપુરીમાં સ્થિતિ હવે નિયંત્રણમાં છે. હિંસાની તપાસ માટે ૧૦ ટીમો બનાવવામાં આવી છે. બીજી બાજુ ભાજપની દિલ્હી યુનિટના નેતાઓએ જુલુસ દરમિયાન થયેલા ઘર્ષણને ષડયંત્ર ગણાવ્યું છે અને ઘટનામાં ગેરકાયદેસર પ્રવાસીઓ રોહિંગ્યાઓ અને બાંગ્લાદેશીઓની ભૂમિકાની તપાસ પર માગણી કરી છે. ભાજપ દિલ્હી પ્રદેશ અધ્યક્ષ આદેશ ગુપ્તા અને પાર્ટી સાંસદ મનોજ તિવારીએ કહ્યું કે જુલુસ પર હુમલો એ અચાનક ઘટેલી ઘટના નથી પરંતુ ષડયંત્ર હતું. ભાજપના નેતા કપિલ શર્માએ પણ આરોપ લગાવ્યો કે જુલુસ પર પથ્થરમારો એક આતંકવાદી હુમલો હતો. તેમણે દેશમાંથી ગેરકાયદેસર પ્રવાસીઓને તત્કાળ બહાર કાઢી મૂકવાની માગણી કરી. આદેશ ગુપ્તાએ કહ્યું કે તેઓ કેન્દ્રીય ગૃહમંત્રીને મળશે અને તેમની પાસે હિંસાની તપાસના આદેશ આપવાની માગણી કરશે. તેમણે એવો પણ સવાલ કર્યો કે દિલ્હીમાં ગેરકાયદેસર રીતે રહેતા રોહિંગ્યાઓ અને બાંગ્લાદેશીઓની વસ્તીને પાણી અને વીજળી કનેક્શન કેવી રીતે અપાયા? તેમણે એક વીડિયો સંદેશમાં કહ્યું કે હું મુખ્યમંત્રી કેજરીવાલને પૂછવા માંગુ છું કે તેઓ શહેરમાં ગેરકાયદેસર રીતે રહેતા રોહિંગ્યાઓ અને બાંગ્લાદેશીઓને પાણી અને વીજળી કેમ ઉપલબ્ધ કરાવે છે?

ભાજપના નેતા કપિલ મિશ્રાએ એમ પણ કહ્યું કે ગેરકાયદેસર પ્રવાસીઓના દસ્તાવેજોની તપાસ થવી જોઈએ અને તેમને તરત કાઢી મૂકવા જોઈએ. હનુમાન જયંતી જુલુસ પર હુમલો એક સંયોગ નહીં પરંતુ પ્રયોગ હતો. આ એક આતંકવાદી હુમલો હતો. બાંગ્લાદેશી ઘૂસણખોરોની વસ્તીઓ હવે હુમલામાં સામેલ છે.

આ ઘટના અંગે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે દિલ્હીના જહાંગીર પુરીમાં હનુમાન જયંતિના શોભાયાત્રામાં પથ્થરમારાની ઘટના અત્યંત નિંદનીય છે. જેઓ દોષિત છે તેમની સામે કડક કાર્યવાહી થવી જોઈએ. તમામ લોકોને એકબીજાનો હાથ પકડીને શાંતિ જાળવવા અપીલ છે. તેમણે વધુમાં કહ્યું કે, 'શાંતિ વિના દેશ પ્રગતિ કરી શકે નહીં.



એજન્સીઓ અને દિલ્હી પોલીસ કેન્દ્ર સરકારની જવાબદારી છે, તેથી કેન્દ્ર સરકારે દિલ્હીમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવી જોઈએ.આ ઘટનાક્રમ બાદ યુપીમાં અલર્ટ જારી છે. યુપીના એડીજી લો એન્ડ ઓર્ડર પ્રશાંત કુમારે કહ્યું કે ગાઝિયાબાદ પોલીસ, બાગપત પોલીસ અને મેરઠના તમામ મોટા અધિકારીઓ સતત પેટ્રોલિંગ કરી રહ્યા છે. સમગ્ર પ્રદેશમાં સતર્કતા વર્તવાના આદેશ અપાયા છે. તોફાની તત્વો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે. અમારી ૨૪ કલાક સતત નિગરાણી ચાલુ છે. અમે ખોટી સૂચનાઓને ફેક્ટ ચેક કરીને તેનું ખંડન પણ કરીએ છીએ. એટલે કે દરેક સ્તરે યુપી પોલીસ સતર્ક છે.

### ખરીદારોની લિસ્ટમાં ઘણા મોટા નામ

## કેંદ્ર સરકાર એર ઇન્ડીયા બાદ હવે સરકારી કંપની એચએલએલ લાઇફ કેર વેચશે

નવીદિલ્હી,તા.૧૭

દેશમાં એક પછી એક સરકારી કંપનીઓનું ઝડપથી ખાનગીકરણ કરવામાં આવી રહ્યું છે. હવે તેમાં વધુ એક નામ જોડાવવા જઈ રહ્યું છે. એર ઈન્ડીયા બાદ કેંદ્રની મોદી સરકાર વધુ એક સરકારી કંપનીને વેચવાની તૈયારી કરી લીધી છે. એચએલએલ લાઈફકેરની કમાન હવે પ્રાઈવેટ હાથોમાં સોંપવા જઈ રહી છે. તેના માટે સરકારે બોલી પણ મળવા લાગી છે.

જોકે, એચએલએલ લાઈફકેર લિમિટેડમાં સરકાર પોતાની પુરી ભાગીદારી વેચી રહી છે એટલે કે હવે આ કંપની પણ ખાનગી હાથોમાં જતી રહેશે. લાઈવ મિંટમાં છપાયેલા સમાચાર અનુસાર આ કંપનીના ખરીદદારોની બોલી આવવાનું શરૂ થઈ ગયું છે. ભારતીય કંપની ગ્રુપ અદાણી ગ્રુપ અને પિરામલ હેલ્થકેર સાર્વજનિક ક્ષેત્રની દવા કંપની, એચએલએલ લાઈફકેર લિમિટેડને ખરીદવા માટે દોડમાં આગળ ચાલી રહી છે કે દોડમાં સામેલ છે.

સૂત્રોનું માનીએ તો જલદી જ સરકાર તરફથી પીરામલ ગ્રુપ, અદાણી ગ્રુપ, અપોલો ગ્રુપ ઓફ હોસ્પિટલ્સ અને મેઘા એંજીનિયરિંગ એન્ડ ઈંફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ સહિત બોલીદાતાઓ પાસે એચએલએલ લાઈફકેર લિમિટેડ માટે નાણાકીય બોલીઓ મંગાવવામાં આવશે. સરકાર તેને વેચવા માટે બોલી મંગાવશે. એટલે કે તેની પુરી પ્રક્રિયા બોલીઓ પર આધારિત રહેશે.

એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું કે અત્યારે ડ્યૂ ડિજિજેંસ જાહેર છે અને વિજેતાના સિલેક્શનની પ્રક્રિયા નાણાકીય બોલીઓના આધાર પર કરવામાં આવશે. જાણકારોના અનુસાર લેણદેણ સલાહકાર તેમનું મૂલ્યાંકન કરી રહ્યા છે, એચએલએલને ખરીદવા માટે અદાણી ગ્રુપ, પીરામલ ગ્રુપે રસ દાખવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૪ સપ્ટેમ્બરના રોજ સ્વાસ્થ્ય ક્ષેત્રના સાર્વજનિક ઉપક્રમમાં સરકાર્નીી ૧૦૦ ટકા ભાગીદારી વેચાણ માટે શરૂઆતી બોલી માંગી હતી.

## યુક્રેનને લશ્કરી સહાય બંધ કરવા નાટો દેશોને રશિયાની ચેતવણી

,વોશિગ્ટન,તા.૧૭

સમગ્ર વિશ્વને 'બાન'માં લેનાર રશિયાના યુક્રેન પરના આક્રમણના બાવન દિવસ બાદ હવે રશિયાએ સીધા અમેરિકા અને નાટો રાષ્ટ્રો જેઓ યુક્રેનને સતત લશ્કરી મદદ, હથિયારો, ટેક્નો, મિસાઈલ તથા દારુગોળા અને અન્ય લશ્કરી સરંજામ પુરા પાડી રહ્યા છે તે તમામ દેશોને સીધી ચેતવણીના સ્વરમાં તાત્કાલીક આ પ્રકારની યુક્રેનને અપાતી લશ્કરી સહાય અટકાવવા જણાવતા ઉમેર્યુ હતું કે જો આ પુરવઠો ચાલુ રહેશે તો તેના પરિણામ ભોગવવા પડશે. હાલમાં જ બ્લેક-સી સમુદ્રમાં જે રીતે રશિયાના સૌથી મોટા યુદ્ધ જહાજ 'મોફકવા'ને યુક્રેને બે અમેરિકી મિસાઈલથી મધદરીયે



તોડી પાડયું

તે આ યુદ્ધમાં રશિયાને સૌથી મોટો પ્રહાર સહન કરવો પડયો છે અને ગઈકાલે યુક્રેન પરના હુમલા વધારી દીધા છે અને પ્રમુખ કિવ નજીકની યુક્રેનની મિસાઈલ ફેકટરીને નિશાન બનાવી તેના પર મિસાઈલ અને બોમ્બમારાથી ધ્વંશ કરી છે અને હવે મોસ્કોએ પુરા યુક્રેન પર એક સાથે મોટા હુમલાની જાહેરાત કરતા પરીસ્થિતિ અત્યંત ભયાનક બને તેવા સંકેત છે. અગાઉ યુદ્ધ જહાજ ગુમાવ્યા બાદ રશિયાએ એલાન કર્યુ હતું કે ત્રીજુ વિશ્વ યુદ્ધ થઈ ગયું છે. અમેરિકા અને નાટો રાષ્ટ્રો રશિયાનું નામોનિશાન મીટાવવા માંગે છે. રોસિયા વન એ રશિયાના નાગરિકોને ચેતવણી આપતા કહ્યું કે હાલનો તનાવ નિશ્ચીત રૂપે ત્રીજા વિશ્વયુદ્ધ ભણી લઈ જાય છે

અથવા તો કહો કે ત્રીજુ વિશ્વ યુદ્ધ શરુ થઈ ગયું છે. આ એજન્સીએ રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતીનને એ પણ સલાહ આપી કે કીવને શરણે લાવવા માટે અણુશસ્ત્રનો પ્રયોગ જરૂરી છે. રશિયન સૈન્યના સૈન્ય નિષ્ણાંત દિવિત્ર ડોજડેકોએ દાવો કર્યો કે નાટો લાંબા સમયથી રશિયાને ખત્મ કરવાની કોશીશ કરી રહ્યું હતું. બીજી તરફ વોશિંગ્ટન પોલના રીપોર્ટ મુજબ રશિયાએ આ સપ્તાહે જ અમેરિકાને એક ડિપ્લોમેટીક નોટ (નોંધ) મોકલી છે. જેમાં ચેતવણી આપવામાં આવી છેકે યુક્રેનને નાટો દેશો તરફથી જે સૈન્ય સહાયતા મળે છે

તે તાત્કાલીક બંધ કરી દેવી જરૂરી છે. જો તેમ નહી થાય તો તેના અસાધારણ પરિણામો આવી શકે છે અને વૈશ્વીક સુરક્ષા પણ જોખમમાં મુકાશે. બીજી તરફ હવે રશિયાએ તેના હવાઈદળ, ભૂમીદળ અને નૌકાદળને યુક્રેન પર હુમલો કરવાનો આદેશ આપ્યો છે અને તમો દરેક ટાર્ગેટને ધ્વંશ કરવાની સૂચના છે. યુક્રેનનો સમુદ્ર સંપર્ક અગાઉ જ તૂટી ગયો છે. હવાઈ સંપર્ક પણ નથી. ફકત પોલેન્ડના માર્ગે જમીન સહાયતા આપી રહી છે તેને પણ અટકાવવા રશિયાએ તૈયારી કરી છે. ગઈકાલે યુક્રેનની મુખ્ય મિસાઈલ ફેકટરીને ત્રણ મિસાઈલ હુમલાથી પુરી રીતે ઉડાવી દેવામાં આવી હતી.

## ભાવવધારાની અસર: પેટ્રોલના વેચાણમાં ૧૦%, ડીઝલમાં ૧૫%નો ઘટાડો

નવીદિલ્હી,તા.૧૭

એપ્રિલ મહિનામાં અત્યાર સુધીમાં પેટ્રોલ, ડીઝલ તથા રાંધણગેસના વેચાણમાં ઘટાડો નોંધાયો છે. ઈંધણના ભાવવધારાને પગલે તેની ખપતમાં મોટો ઘટાડો થયો છે. એપ્રિલના ૧૫ દિવસમાં પેટ્રોલના વેચાણમાં માર્ચના પ્રથમ ૧૫ દિવસની તુલનામાં ૧૦ ટકાનો ઘટાડો થયો છે. જયારે આ જ સમયગાળામાં ડીઝલની ડિમાન્ડમાં ૧૫.૬ ટકાનો ઘટાડો થયો છે. કોરોનાકાળમાં રાંધણગેસના વેચાણમાં સતત વધારો થતો હતો પણ સિલિન્ડરના ભાવમાં વધારો થયા બાદ એપ્રિલના ૧૫ દિવસમાં તેના વેચાણમાં પણ ૧.૭ ટકાનો ઘટાડો થયો છે.

સરકારી માલિકીની ઑઈલ માર્કેટિંગ કંપનીઓએ ગત ૨૨ માર્ચથી ઈંધણના ભાવમાં વધારોશરૂ કર્યો હતો. પાંચ રાજયોની વિધાનસભા ચૂંટણી સંપન્ન થયા બાદ ઑઈલ કંપનીઓએ ૧૩૭ દિવસ બાદ ભાવમાં તબક્કાવાર વધારો શરૂ કર્યો હતો. ક્રૂડ ઑઈલના આંતરરાષ્ટ્રીય ભાવમાં ૩૦ ડૉલરનો વધારો થયો હતો. એ પછી ૨૨ માર્ચથી ૬ એપ્રિલ સુધીમાં પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર ૧૦ રૂપિયાનો વધારો થયો હતો. જયારે ૨૨ માર્ચના રોજ રાંધણગેસના ભાવમાં પણ ૫૦ રૂપિયાનો વધારો કરાયો હતો.જેના પગલે એલપીજી સિલિન્ડરની કિંમત ૯૪૯.૫૦ રૂપિયા થઈ હતી. સાથે જ જેટ ફ્યુઅલનો ભાવ પણ ૧,૧૩,૨૦૨.૩૩ રૂપિયા પ્રતિ કિલોલિટર સાથે અત્યાર સુધીનો સર્વાધિક થયો છે.

ચૂંટણી પૂર્ણ થયા બાદ ભાવ વધશે એ નક્કી હોવાથી માર્ચ મહિનાના પ્રથમ બે સપ્તાહમાં મોટી સંખ્યામાં ડીલરોએ પેટ્રોલ-ડીઝલની ટેક્નો ફૂલ કરાવી લીધી હતી. આંકડાઓ અનુસાર માર્ચ મહિનાના પ્રથમ પખવાડિયામાં પેટ્રોલના વેચાણમાં ૧૮ ટકા અને ડીઝલના વેચાણમાં ૨૩.૭ ટકાનો ધરખમ વધારો નોંધાયો હતો. આ વધારો છેલ્લાં ૨ વર્ષમાં સૌથી વધુ હતો.-

## દેશમાં આજે કોરોનાના નવા ૧૧૫૦ કેસ,૪ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૧૭

દેશમાં આજે જીવલેણ કોરોનાવાયરસ રોગચાળાના નવા કેસોમાં વધારો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૧૧૫૦ નવા કેસ નોંધાયા છે અને ૪ લોકોના મોત થયા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, હવે સક્રિય કેસની સંખ્યા ઘટીને ૧૧ હજાર ૫૫૮ થઈ ગઈ છે. આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૫ લાખ ૨૧ હજાર ૭૫૧ થઈ ગઈ છે. માહિતી અનુસાર, અત્યાર સુધીમાં ૪ કરોડ ૨૫ લાખ ૮ હજાર ૭૮૮ લોકો ચેપ મુક્ત થઈ ચૂક્યા છે. દેશમાં અત્યાર સુધીમાં ૪ કરોડ ૩૦ લાખ ૩૧ હજાર ૯૫૮ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે.

રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ, અત્યાર સુધીમાં એન્ટી-કોરોનાવાયરસ રસીના ૧૮૬ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. ગઈકાલે ૧૨ લાખ ૫૬ હજાર ૫૩૩ ડોઝ આપવામાં આવ્યા હતા, ત્યારબાદ અત્યાર સુધીમાં રસીના ૧૮૬ કરોડ ૫૧ લાખ ૫૩ હજાર ૫૯૩ ડોઝ આપવામાં આવ્યા છે.


કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨ કરોડ (૨,૪૯,૯૭,૬૦૫) થી વધુ નિવારક રસીઓ આરોગ્ય કર્મચારીઓ, કોરોના યોદ્ધાઓ અને અન્ય રોગોથી પીડિત ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને આપવામાં આવી છે. દેશમાં કોવિડ વિરોધી રસીકરણ અભિયાન ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧ થી શરૂ થયું હતું અને પ્રથમ તબક્કામાં આરોગ્ય કર્મચારીઓને રસી આપવામાં આવી હતી.

## કુર્નૂલમાં હનુમાન જયંતિની શોભાયાત્રામાં થયેલી હિંસા મામલે ૨૦ લોકોની કરવામાં આવી ધરપકડ

હૈદરાબાદ,તા.૧૭

દેશમાં સાંપ્રદાયિક હિંસાના સમાચારો અટકવાનું નામ નથી લઈ રહ્યા. વાસ્તવમાં, હનુમાન જયંતિના શોભાયાત્રા પર દિલ્હીમાં હંગામાનો મામલો હજુ થાળે પડ્યો ન હતો કે હવે આંધ્રપ્રદેશના કુર્નૂલમાં હનુમાન જયંતી શોભાયાત્રા દરમિયાન બે જૂથો વચ્ચે અથડામણની માહિતી આવી રહી છે. જો કે, આ અથડામણને સમયસર અટકાવી દેવામાં આવી હતી અને પરિસ્થિતિને કાબૂમાં લેવામાં આવી હતી.આ મામલે પોલીસે ૨૦ લોકોની અટકાયત કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વિશ્વ હિન્દુ પરિષદે કુર્નૂલના અલ્લુરમાં હોલ્લાગુંડામાં હનુમા જયંતિની ઉજવણીનું આયોજન કર્યું હતું. આ સમારોહ દરમિયાન તેણે પોલીસની સલાહ વિરુદ્ધ ડીજે સેટનો ઉપયોગ કર્યો હતો. જ્યારે તેઓ મસ્જિદ પાસે ગયા ત્યારે પોલીસે તેમને ડીજે સેટ બંધ કરવા કહ્યું. પરંતુ તેઓ મસ્જિદની સામે રોકાઈ ગયા અને ''જય શ્રી રામ'' ના બૂમો પાડવા લાગ્યા. આના પર મુસ્લિમ સમુદાયના લોકોએ ''અલ્લાહ હુ અકબર'' ના નારા લગાવવાનું શરૂ કર્યું.



જોકે, પોલીસ ઈન્સ્પેક્ટરે વીએચપીના સભ્યોને સ્થળ પરથી દૂર મોકલી દીધા હતા. જ્યારે રેલી મસ્જિદથી થોડે દૂર ગઈ ત્યારે તેઓએ ફરીથી ડીજે સેટ વગાડવાનું શરૂ કર્યું. આના પર મુસ્લિમોએ અવાજ ઉઠાવ્યો અને બંને જૂથો વચ્ચે નજીવો વિવાદ શરૂ થયો. એકાએક પથ્થરમારાની સ્થિતિ સર્જાઈ હતી. ત્યાં સુધીમાં પોલીસ દળ ઘટનાસ્થળે પહોંચી ગયું હતું અને ભીડને વિખેરી નાખી હતી.

## તંત્રી સ્થાનેથી...

# નારીવાદીઓનાં બેવડાં ધોરણ

*હાલમાં અભિનેત્રી અને અનિલ કપૂરની પુત્રી સોનમ કપૂરનો એક ફોટો ઇન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે. તે પોતાનો બેબી બમ્પ દેખાડી રહી છે. એટલે કે તે ગર્ભવતી છે. આ સમાચારને મીડિયાએ પણ મહત્ત્વ આપ્યું. ભૂતકાળમાં અનુષ્કા, ફરાહ ખાન, કરીના કપૂર વગેરે પણ આવુ ંકરી ચૂકી છે. એક સમય એવો રહ્યો છે, જ્યારે મહિલાએ મા બનવાનાં ચિહ્નો છૂપાવવાં પડતાં હતાં. તેને શરમ સાથે જોડવામાં આવતું. હવે એવું નથી. મા બનવું કોઈપણ સ્ત્રીનો એવો ગુણ છે, જે કોઈ પુરુષ પાસે નથી. તેનાથી સૃષ્ટિ ચાલે છે. સૃષ્ટિ ન હોય, આગલી પેઢી ન હોય તો દુનિયા નહીં ચાલે, પરંતુ આ જ મા બનવાને અંગત સ્વાર્થોએ એક અરસાથી સ્ત્રીની કમજોરી રૂપે વ્યાખ્યાયિત કરી છે, પરંતુ સ્ત્રીઓ હવે પોતાના ગર્ભમાં ઉછરી રહેલા શિશુને દુનિયાને દેખાડવા માંગે છે તો તેમાં ખરાબ શું છે?*

*પાછલા કેટલાક સમયથી કથિત પ્રગતિશીલ સ્ત્રીઓનો એક સમૂહ કહી રહ્યો છે કે બાળકો તેમની દુનિયા અને પ્રગતિ અટકાવી દે છે, તેથી તેમને બાળકો નથી જોઈતાં. તેઓ કેમ તેમની જવાબદારી ઉઠાવે અને પોતાના જીવનનાં સુવર્ણ વર્ષો ગુમાવી દે? આ વિચાર વિદેશમાં જ નહીં, બલ્કે હાલમાં આપણા દેશમાં પણ ખૂબ પ્રચારિત કરાઈ રહ્યો છે. મહિલાઓને જણાવાય છે કે તમે પરિવારની જવાબદારી કેમ ઉઠાવો? બાળકો કેમ ઉછેરો? તમે તમારા પગ પર ઊભા છો. હરો-ફરો, મોજ કરો. પૈસા છે તો કોઈ વાતની ચિંતા કેમ? જવાબદારી કે કર્તવ્યને બહુ વર્ષોથી બોજ તરીકે પ્રચારિત કરવામાં આવે છે, જ્યારે આપણે જાણીએ છીએ કે જવાબદારીથી આપણે બચી નથી શકતા. તે ચાહે પરિવાર ચલાવવાની વાત હોય કે નોકરીની. પોતાના દમ પર રહેવાની જવાબદારી ઉઠાવવી પણ કોઈ આસાન કામ નથી. તે ઉપરાંત જ્યારે પણ કોઈ આપદા આવે છે, હંમેશાં આપણે બીજા પાસે આશા રાખીએ છીએ કે તે મદદનો હાથ લંબાવે. આપણી જવાબદારી ઉઠાવે, પરંતુ વિચારો કે જો વિચાર એવો હોય કે આપણે કેમ કોઈની જવાદારી ઉઠાવીએ તો પછી બીજા પણ તમારી જવાબદારી શું કામ ઉઠાવશે?*

*આ વિચારથી વિરુદ્ધ જ્યારે મા બનનારી સોનમ કપૂરની તસવીર દેખાય છે અથવા અનુષ્કા, કરીના કે માધુરી દીક્ષિત પોતાના બાળકો વિશે વાત કરે છે તો લાગે છે કે આ તો એ જ સ્ત્રીઓ છે, જેમને મીડિયાના મોટા હિસ્સાએ આજની સશક્ત સ્ત્રી રૂપે રજૂ કરી છે. યુવા છોકરીઓ સામે તેમને એ રૂપે રજૂ કરાઈ છે કે આ જ આજની સશક્ત મહિલાઓ છે. મંચ પર માઇક હાથમાં લઈને આ સ્ત્રીઓએ સમયે-સમયે એવાં નિવેદનો પણ આપ્યાં છે. ક્યારેક સોનમ કપૂરે કહ્યું તું કે તે અલ્ટ્રા ફેમિનિસ્ટ એટલે કે અતિ નારીવાદી છે. જોકે તેણે લગ્ન પણ કર્યાં અને હવે મા પણ બનવાની છે. અનુષ્કા, દીપિકા, પ્રિયંકા ચોપડા, કરીના વગેરેએ પણ લગ્ન કર્યાં છે. તેમાંથી જે મા બની તેમની બાળકોને ખોળામાં રાખીને કેટલીય તસવીરો છપાતી રહે છે. તેઓ હંમેશાં એવાં નિવેદન પણ આપતી રહે છે કે તેમનો પરિવાર તેમની પ્રાથમિકતા છે. તેઓ પોતાનાં બાળકોને સારા નાગરિક બનાવવા માંગે છે.*

*આ વાતો સારી છે. જો પરિવાર હોય, બાળક હોય તો તમારા સિવાય કોઈ બીજું તેની જવાબદારી કેમ નિભાવશે, પરંતુ જોવામાં આવ્યું છે કે આ અભિનેત્રીઓ જ્યારે મંચ પર હોય છે, ત્યારે જે વાતો કરી હોય છે, તેનાથી વિપરીત હવે જીવનમાં દેખાઈ રહી છે. તેમની કથની-કરણીમાં બેવડાં ધોરણો કેમ? પોતાનાં બાળકો માટે તો તેઓ એક જવાબદાર મા બનવા માંગે છે. તેમની દેખભાળ કરવા માટે શૂટિંગ પણ કેન્સલ કરી દે છે. તેમને ઉછેરવાં પોતાનું કર્તવ્ય સમજે છે, પરંતુ જેઓ તેમને સાંભળે છે, તેમને બિલકુલ ઉલટું જ્ઞાન આપે છે. એવું કેમ? જો પરિવાર અને બાળકો તેમના માટે જરૂરી છે, તો સાધારણ મહિલાઓને તેનાથી દૂર ભાગવા, એકલાપણા અને આઝાદીનું મધમાં બોળેલું જ્ઞાન કેમ આપે છે? સામાન્ય મહિલાને એકલાપણાની સોનેરી તસવીર કેમ દેખાડે છે? પરિવાર નહિ વસાવવાનું જ્ઞાન કેમ આપે છે? તેને સશક્તીકરણની ઓળખ કેમ ગણાવે છે? બીજી તરફ પોતાના પતિ, બાળકો, પરિવાર પણ ઇચ્છે છે. એવું જ્ઞાન કેમ જેના પર તેઓ ખુદ વિશ્વાસ નથી કરતી? એટલે કે ઘરમાં કંઈક જુદું, મંચ પર કંઈક જુદું? કરોડો કમાતી આ જ્ઞાની મહિલાઓના જાદુમાં જ્યારે સાધારણ સ્ત્રીઓ ફસાય છે તો તેમની સમજમાં નથી આવતું કે તેઓ શું કરે, ક્યાં જાય? ત્યારે આ જ્ઞાની સ્ત્રીઓ તેમને બચાવવા નથી આવતી. કોઈ પ્રકારની આર્થિક કે ભાવનાત્મક મદદ તો દૂરની વાત છે, ફોન પણ ઉઠાવતી નથી. ઓળખવા છતાં નહિ ઓળખવાનું નાટક કરવામાં આવે છે. એમ પણ સાધારણ સ્ત્રી તેમની ચિંતાના કેન્દ્રમાં હોય છે પણ ક્યાં?*

# ચીને એલએસી પાસે મોબાઈલ ટાવર લગાવ્યા,સ્થાનિક કાઉન્સિલરે તસવીરો શેર કરી

નવીદિલ્હી,તા.૧૭

ચીન પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર તેના ટેલિકોમ્યુનિકેશન નેટવર્કને મજબૂત બનાવી રહ્યું છે. એલએસીના ફોરવર્ડ એરિયામાં ચીનના કબજા હેઠળના વિસ્તારમાં ત્રણ નવા મોબાઈલ ટાવર લગાવવામાં આવ્યા હોવાની તસવીરો સામે આવી છે. લેહના કાઉન્સિલર કોંચોક સ્ટેનઝિને આ ફોટા શેર કર્યા છે. ચુશુલ મતવિસ્તાર એલએસીની બરાબર બાજુમાં છે, જયાંથી ચીનના પગલાં સ્થાનિક ગ્રામજનોને પણ દેખાય છે. કોનચોક સ્ટેનજિને મોબાઈલ ટાવરની તસવીરો શેર કરી અને ટ્વિટર હેન્ડલ પર લખ્યું- પેંગોંગ લેક પર પુલનું નિર્માણ કાર્ય પૂર્ણ કર્યા બાદ ચીને ભારતીય ક્ષેત્રની ખૂબ નજીક હોટ સ્પ્રિંગમાં ત્રણ મોબાઈલ ટાવર લગાવ્યા છે. શું આ ચિંતાનો વિષય નથી?

તેમણે આગળ લખ્યું – આપણા વસ્તીવાળા વિસ્તારોમાં ૪જી સેવા ઉપલબ્ધ નથી. ચુશુલ મતવિસ્તારના ૧૧ ગામોમાં ૪ જી સુવિધા હજુ સુધી પહોંચવાની બાકી છે. નોંધનીય છે કે માના, મેરક સહિત અન્ય કેટલાક ગામો સંપૂર્ણપણે એલએસીને અડીને આવેલા છે.

અહીંથી, પેંગોંગ તળાવની આજુબાજુના પર્વત શિખરો પર ચીનની ગતિવિધિઓ દેખાય છે. ચીન સાથેના તણાવ દરમિયાન, પેંગોંગના ફિંગર વિસ્તારમાં બંને બાજુની સેનાઓ વચ્ચે સૌથી લાંબા સમય સુધી તણાવ રહ્યો હતો. જો કે, બંને દેશો વચ્ચે વિવિધ રાઉન્ડની વાતચીતને કારણે તણાવનું સ્તર નોંધપાત્ર રીતે નીચે આવ્યું છે.

# પાકિસ્તાની માનવતાવાદી કાર્યકર બિલ્કીસ એધીનું નિધન

નવીદિલ્હી,તા.૧૭

પાકિસ્તાની માનવતાવાદી કાર્યકર બિલ્કીસ એધીનું ખાનગી હોસ્પિટલમાં અવસાન થયું છે,તેમણે માનવતાવાદી કાર્યોને ખુબ સારી રીતે કર્યા હતા .વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાની માનવતાવાદી કાર્યકર બિલકિસ બાનો એધીના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. બિલકિસ બાનો એધીનું શુક્રવારે ૭૪ વર્ષની વયે કરાચીની એક ખાનગી હોસ્પિટલમાં નિધન થયું હતું. પીએમ મોદીએ ટ્વીટ કર્યું, માનવતાવાદી કાર્ય પ્રત્યેના તેમના જીવનભરના સમર્પણથી વિશ્વભરના લોકોના જીવન પર અસર પડી.

બિલક્વિસે તેના પતિ સાથે મળીને અબ્દુલ સત્તાર એધી ફાઉન્ડેશનની સ્થાપના કરી, જે એક કલ્યાણકારી સંસ્થા છે અને તેણે ઘણા ક્ષેત્રોમાં તેના માનવતાવાદી કાર્ય માટે વિશ્વભરમાં ખ્યાતિ મેળવી છે. પીએમ મોદીએ ટ્વીટ કર્યું, બિલ્કિસ એધીના નિધન પર મારી હૃદયપૂર્વકની સંવેદના. માનવતાવાદી કાર્ય માટેના તેમના જીવનભરના સમર્પણએ વિશ્વભરના લોકોના જીવનને પ્રભાવિત કર્યું. ભારતમાં પણ લોકો તેમને પ્રેમથી યાદ કરે છે. તેમની આત્માને શાંતિ મળે

# જયાં સુધી મારા શરીરમાં પ્રાણ છે હું ભાજપમાં જ રહીશ : અપર્ણા યાદવ

## ભાજપ જ રાષ્ટ્રવાદી પાર્ટી છે અહીં પરિવારવાદનું કોઈ સ્થાન નથી,દરેક કાર્યકર્તાને પાર્ટીમાં યોગ્ય સમ્માન મળે છે



લખનૌ,તા.૧૭

ભાજપમાં સામેલ થયેલ મુલાયમસિંહ યાદવની નાની વહૂ અપર્ણા યાદવે સમાજવાદી પાર્ટી પર ભારે પ્રહારો કર્યા છે અપર્ણા યાદવે સ્પષ્ટ કહ્યું છે કે ભારતીય જનતા પાર્ટીમાં હું સામેલ થઇ તેનો ફકત એક જ હેતુ છે ફકત ભાજપ જ રાષ્ટ્રના હિત અનો તોના વિકાસની બાબતમાં કામ કરે છે ભાજપ જ રાષ્ટ્રવાદી પાર્ટી છે અહીં પરિવારવાદનો કોઇ સ્થાન નાથી ભાજપના દરેક કાર્યકર્તાને પાર્ટીમાં યોગ્ય સમ્માન મળે છે પાર્ટી તમામનું ધ્યાન રાખે છે પાર્ટી જ કાર્યકર્તાનો પરિવાર છે.

અપર્ણાએ કહ્યું કે જયાં સુધી મારા શરીરમાં લોહીનું એક પણ બુંદ રહેશે હું તો ભાજપમાં જ રહીશ.ઔરેયાના વિધૂનામાં અપર્ણા યાદવે કહ્યું કે મારા તમામ જાણકારો મને વારંવાર પુછે છે કે તમે ભાજપને કેમ મહત્વ આપ્યું તો હું ખુલ્લા મને બતાવું છું કે જયાં સુધી મારા શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી હું ભાજપમાં જ રહી આ મારો પ્રણ છે

સપા અધ્યક્ષ અખિલેશ યાદવનું નામ લીધા વિના અપાર્ણાએ કહ્યું કે કેટલાક લોકો વિધાનસભા ચુંટણીના પ્રચાર દરમિયાન સંન્યાસીનો મઠ મોકલવાની વાત કહેતા હતાં તેમના પર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ લઠ વગાડવાનું કામ કરશે ચુંટણી પહેલા જયારે ભાજપમાં સામેલ થઇ તો લોકો ઇટરનોટ મીડિયા તથા ટ્વિટર પર બોલી રહ્યાં હતાં કે અમે સાંન્યાસીનો મઠ મોકલવાની તૌયારી કરી લીધી છે તો બાવે હું આ લોકોનો બતાવું છું કે ભાજપની પ્રચંડ બહુમતિથી સરકાર બની છે મુખ્યમંત્રી તો હવે આ તમામ લોકો પર લઠ બજાવોનું કામ કરશે તેણે કહ્યું કે મેં પરિવાર છોડયો નથી હાં રાષ્ટ્રવાદ માટે પાર્ટી છોડી દીધી છે.અમારી સાથે તો તમામ લોકોએ પાર્ટી એટલા માટે છોડી કારણ કે અમનો બધાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પુરો વિશ્વાસ છે તેમણે કહ્યું કે ભાજપ તો વડાપ્રધાનના નોતૃત્વમાં આત્મનિર્ભર અનો શ્રેષ્ઠ ભારત બનાવવાનું કામ કરી રહી છે.વડાપ્રધાન એક ભારત શ્રેષ્ઠ ભારતનું નિર્માણ કરવા ઇચ્છે છે સબકા સાથ સબકા વિકાસ અને સબકા વિશ્વાસ. તોમનો મૂળ મંત્ર છે. જેને પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આત્મસાત કર્યો છે અનો સરકારમાં લાગુ કર્યો છે.

# આસામમાં 'મોતનો વરસાદ': વાવાઝોડા બાદ વીજળી પડવાથી ૧૪ લોકોએ ગુમાવ્યા જીવ

ગોવાહાટી,તા.૧૭

ઉત્તર ભારત સહિત દેશના કેટલાય રાજયોમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ વરસી રહ્યો છે. તાપમાન વધવાની વચ્ચે હવામાન શુષ્ક બનેલું છે. તો વળી તમિલનાડૂ, કેરલ અને આસામ સહિત કેટલાય રાજયોમાં ભારે વરસાદની સ્થિતિ આવી પડી છે. આસામમાં હાલમાં જ હવામાનમાં એવું પરિવર્તન આવ્યું છે, ત્યાં ભારે પવન સાથે તોફાન અને વરસાદે રાજ્યમાં સોથ વાળી દીધો છે.

આસામ રાજયના અલગ અલગ જિલ્લામાં તોફાન અને વિજળી પડવાની ઘટનાઓમાં કેટલાય લોકોના જીવ ગયા છે. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર રાજયમાં કુદરતનો કહેર, તોફાન અને વરસાદ તથા વિજળી પડવાના કારણે અત્યાર સુધીમાં ૧૪ લોકોના મોત થઈ ચુક્યા છે.

આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, રાજયના કેટલાય જિલ્લામાં ૧૫ એપ્રિલ સુધી તોફાન અને વરસાદથી હવામાન બદલાયેલુ રહેવાના અણસાર આપ્યા હતા. બરાપેટા, ડિબ્રૂગઢ, નલબાડી જિલ્લામાં તોફાન અને ભારે વરસાદથી કેટલાય ઘરોને નુકસાન પહોંચ્યું છે. સાથે ઝાડ ઉખડીને રસ્તાઓ પર પડ્યા છે. તોફાનના કારણએ વિજળીની લાઈનો પણ ખોરવાઈ ગઈ છે અને થોડા સમય માટે વિજ સપ્લાઈ પણ પ્રભાવિત થયો હતો.

આ તમામની વચ્ચે હવામાન વિભાગે આજે એટલે કે,૧૮ એપ્રિલે પણ વરસાદ પડવાનું અનુમાન લગાવ્યું છે આઈએમડીના જણાવ્યા અનુસાર અરુણાચલ પ્રદેશ, આસામ, કેરલ અને તમિલનાડૂમાં વરસાદ થવાની શક્યતાઓ વર્તાવી છે.

# કોવિડ કાળમાં સરકારની બેદરકારીના કારણે ૫ લાખ નહીં પરંતુ ૪૦ લાખ ભારતીયોના મોત થયા છેઃ રાહુલ ગાંધી

નવીદિલ્હી,તા.૧૭

ભારતે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા દેશમાં કોરોના વાયરસની બીમારીના કારણે થનારા મૃત્યુની ગણતરી માટે જે કાર્યપ્રણાલીનો ઉપયોગ થઈ રહ્યો છે તેના સામે વાંધો નોંધાવ્યો છે. હકીકતે એક લેખ છપાયો હતો જેમાં લખ્યું હતું કે, ભારત ડબ્લ્યુએચઓના પ્રયત્નોમાં અડચણરૂપ બની રહ્યું છે જેથી કોરોનાનો મૃતકઆંક સાર્વજનિક ન કરી શકાય. તેના સામે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે વાંધો નોંધાવ્યો છે.

કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીએ તે લેખ પોતાના ટ્વિટર એકાઉન્ટ પર શેર કર્યો છે. આ સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્ર સરકાર પર નિશાન પણ સાધ્યું છે. રાહુલ ગાંધીએ ટ્વિટમાં લખ્યું હતું કે, 'મોદીજી સાચું બોલતા પણ નથી અને બોલવા પણ નથી દેતા. તેઓ તો હજુ પણ ખોટું બોલે છે કે ઓક્સિજનની તંગીના કારણે કોઈ નથી મર્યું. મેં પહેલા પણ કહ્યું હતું કે, કોવિડ કાળમાં સરકારની બેદરકારીના કારણે ૫ લાખ નહીં પરંતુ ૪૦ લાખ ભારતીયોના મોત થયા છે. જવાબદારીનું પાલન કરો, મોદીજી દરેક પીડિત પરિવારને ૪ લાખ રૂપિયાનું વળતર આપો.'

### માધવપુર સ્થાનિક મેળાના સમાપન પછી ગુજરાત, દાદરા નગર હવેલી, દમણ અને દીવ NCCના કેડેટ્સ દ્વારા

# પુનિત સાગર અભિયાનના ભાગરૂપે માધવપુર બીચની સફાઇ કરવામાં આવી

અમદાવાદ

ભારતના રાષ્ટ્રપતિ આદરણીય શ્રી રામનાથ કોવિંદ દ્વારા ૧૦ એપ્રિલ ૨૦૨૨ના રોજ માધવપુર સાંસ્કૃતિક મેળાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ મેળાના સમાપન પછી ગુજરાત, દાદરા નગર હવેલી, દમણ અને દીવ દ્રઝ્રઝ્ર નિદેશાલય દ્વારા ૧૬ એપ્રિલ ૨૦૨૨ના રોજ "પુનિત સાગર અભિયાન"ના ભાગરૂપે માધવપુર બીચની વ્યાપક સફાઇ કામગીરી હાથ ધરવામાં આવી હતી. સમગ્ર દેશમાં આપણા સમુદ્ર કિનારાઓ અને બીચ પ્લાસ્ટિક તેમજ અન્ય કચરાની સામગ્રીઓથી મુક્ત રહે તે સુનિશ્ચિત કરવા માટે તેમજ આ બીચોના નૈસર્ગિક સ્થળોની જાળવણી કરવા અંગે અને ત્યાં સ્વચ્છતા રાખવા માટે મોટી સંખ્યામાં લોકોમાં જાગૃતિ ફેલાવવા માટેના ઉદ્દેશથી NCC



દ્વારા હાથ ધરવામાં આવતી રાષ્ટ્રવ્યાપી કવાયતના ભાગરૂપે આ સફાઇ કામગીરી કરવામાં આવી હતી. બીચની સફાઇ કામગીરી ગુજરાત, દાદરા નગર હવેલી, દમણ અને દીવ NCC નિદેશાલયના અધિક મહાનિદેશક મેજર જનરલ અરવિંદ કપૂર, કે જેમણે આ મુખ્ય કાર્યક્રમનો આરંભ કરાવ્યો હતો, તેમના નેતૃત્વમાં જામનગર NCC ગ્રૂપ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ભાગ લેનારા આ વિસ્તારના અગ્રણી મહાનુભાવોમાં જામનગર NCC ગ્રૂપના ગ્રૂપ કમાન્ડર કોલોનલ એચ.કે. સિંહ, પોરબંદરના SDM, પોરબંદરના SP, અન્ય નાગરિક પ્રશાસન વિભાગના પ્રતિનિધિઓ સામેલ હતા. શાળાઓના આચાર્યો, દત્તક લેવામાં આવેલા ગામ ધરમપુરના સરપંચે પણ આ પ્રસંગે ઉપસ્થિત રહીને કાર્યક્રમ શોભાવ્યો હતો. ૨૨ એસોસિએટ NCC અધિકારીઓ, ૧૯ કાયમી ઈન્સ્ટ્રક્ટર સ્ટાફ, ૫૨ ભૂતપૂર્વ NCC કેડેટ્સ અને ૪ ગુજરાત નેવલ યુનિટના ૩૦૦ ઉત્સાહી કેડેટ્સે આ વ્યાપક બીચ સફાઇ કવાયતમાં ભાગ લીધો હતો, જેનું સમાપન સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે થયું હતું. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં લોક નૃત્ય, નુક્કડ નાટક અને ગીતો તેમજ ત્યારબાદ ગુજરાત, દાદરા નગર હવેલી, દમણ અને દીવ દ્રઝ્રઝ્ર નિદેશાલયના અધિક મહાનિદેશક મેજર જનરલ અરવિંદ કપૂરના પ્રેરણાદાયી અને પ્રોત્સાહક સંવાદ સામેલ છે.

બીચ પરથી NCC કેડેટ્સ દ્વારા એકઠો કરવામાં આવેલો કચરો આગળ નિકાલ અને રિસાઇકલિંગની કામગીરી માટે પોરબંદર મ્યુનિસિપલ કોર્પોરેશનને સોંપવામાં આવ્યો હતો.

# મોદી ભોપાલ અને નરસિંગપુર જીલ્લા પંચાયતને ૫૦-૫૦ લાખનો પુરસ્કાર આપશે

જબલપુર,તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ પર ૨૪ એપ્રિલે મધ્યપ્રદેશની બે પંચાયતોને પુસ્કાર આપશે.વડાપ્રધાન મોદી મધ્યપ્રદેશની ભોપાલ અનો નરસિંહપુર જીલ્લા પંચાયતને દીનદયાલ ઉપાધ્યાય પંચાયત સશક્તિકરણ પુરસ્કારથી સમ્માનિત કરશે બંન્ને પંચાયતોને ૫૦-૫૦ લાખની રકમનો પુરસ્કાર મળશે.જમ્મુ કાશ્મીરના સાંબા જીલ્લાની ગ્રામ પંચાયત પાલીમાં વડાપ્રધાનનો મુખ્ય કાર્યક્રમ થશે જયાં તો દેશની પુરસ્કૃત પંચાયત રાજ સંસ્થાઓનો પુરસ્કારની રકમ ખાતામાં જમા કરાવશે

આઝાદીના અમૃત મહોત્સવમાં રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ પર દેશની પંચાયતો અનો ગ્રામીણ વિસ્તારોમાં કરવામાં આવેલા કાર્યોની રેટિંગના આધારપ પર જીલ્લા જનપદ અને ગ્રામ્ય પંચાયતોને સમ્માનિત કરવામાં આવશે.

ભોપાલ જીલ્લા પંચાયતે સતત બે વર્ષોથી ગ્રામીણ વિકાસમાં સારૂ પરિણામ આપ્યું છે ભોપાલ ગ્રામીણ ક્ષેત્રમાં સ્વચ્છતા માટે વિશેષ કામ કરવામાં આવ્યું અને સ્વચ્છતામાં અહીની તમામ ગ્રામ પંચાયતો સ્વચ્છ જાહેર કરવામાં આવી છે. આ સાથે જ ગ્રામીણ વિસ્તારોમાં ૧૦૦ ટકા વેકસીનેશન પણ થયું છે નળ જળ યોજનાનું સંચાલન મહિલા સમૂહો દ્વારા કરવામાં આવી રહ્યું છે. મહિલા સ્વ સહાયતા સમૂહના કાર્યોમાં જીલ્લા પંચાયત ભોપાલ સૌથી આગળ છે

### કોર્ટે કેન્દ્રને વ્યાજ સહિત પેંશન આપવા કહ્યું

# ૧૯૬૨ યુધ્ધમાં વિધવા થયેલ મહિલાને ૫૬ વર્ષ બાદ મળ્યો ન્યાય

ચંડીગઢ,તા.૧૭

૧૯૬૨ના ભારત ચીન યુધ્ધમાં પતિના મોત થયા બાદ શહીદની વિધવાએ ૫૬ વર્ષ બાદ પેંશન માટે કાનુની લડાઇ જીતી લીધી છે.વિધવા મહિલાએ આ અસાધારણ પારિવારિક પેંશન માટે કાનુની લડાઇ ૬૦ વર્ષ પહેલા (૧૯૬૨)માં શરૂ કરી હતી પરંતુ શહીદ પતિની મૃત્યુના ચાર વર્ષ બાદ જ પેંશન બંધ કરી દેવામાં આવી હતી આખરે હવે પંજાબ અનો હરિયાણા હાઈકોર્ટે યુધ્ધની વિભીષિકામાં વિધવા થયેલ મહિલા માટે કેન્દ્ર સરકારનો વળતર કરવાનો આદેશ આપ્યો છે.હાઈકોર્ટે ૧૯૬૬થી પેંશનની જે રકમ બને છે તેની સાથે ૬




ટકા પ્રતિ વર્ષના વ્યાજ દરથી વિધવાને નાણાં ચુકવવા માટે કહ્યું છે. ન્યાયમૂર્તિ હરસિમરન સિંહ સેઠીની બેંચે ધર્મો દેવીની અરજી પર સુનાવણી કરતા આ આદેશ આપ્યો છે.

ધર્મો દેવીના પતિ પ્રતાપ સિંહ ૯મી બટાલિયન સીઆરપીએફના જવાન હતાં જે ૧૯૬૨ના યુધ્ધમાં શહીદ થયા હતાં.ધર્મો દેવીના વકીલ આર એ શ્યોરાણે તર્ક આપ્યો હતો કે તેમના અસીલના પતિનું મુત્યુ થયા બાદ તેમને કેન્દ્ર સરકાર તરફથી અસાધારણ પારિવારિક પેંશન આપવામાં આવ્યું હતું પરંતુ કેન્દ્ર સરકાર અને સંબંધિત અધિકારીઓએ ૩ ઓગષ્ટ ૧૯૬૬થી કોઇ કારણ વિના પોંશનાનો બાંધ કરી દીધુ હતું અસાધારણ પારિવારિક પેંશન તે સરકારી કર્મચારીઓ કે તેમના પરિવારને આપવામાં આવે છે જે સરકારી સેવા દરમિયાન વિકલાંગ થાય અથવા તેમનું મૃત્યુ થાય

ગત સુનાવણી દરમિયાન પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે કેન્દ્ર સરકાર અનો સીઆરપીએફને નોટીસ જારી કરી હતી સીઆરપીએફ અને કેન્દ્ર સરકાર તરફથી દાખલ જવાબમાં કહેવામાં આવ્યું હતું કે ધર્મો દેવીને આપવામાં આવેલ અસાધારણ પેંશનને ખોટી રીતે બંધ કરવામાં આવ્યું હતું. કોર્ટમાં કેન્દ્ર સરકાર અને સીઆરપીએફે કહ્યું કે ૩ ઓગષ્ટ ૧૯૬૬થી શરૂ થનાર પેંશન લાભ ધર્મોદેવીને બીજીવાર ૧૫ માર્ચ ૨૦૨૨માં આપવામાં આવેલા એક આદેશના માધ્યમથી આપવામાં આવે છે આ સાથે જ સામાન્ય પેંશનના બાકી નાણાંને જોડી ૨૦૨૦માં ધર્મો દેવીનો પુરૂ વળતર કરવામાં આવે

આ દરમિયાન અરજીકર્તાના વકીલે કોર્ટમાં તર્ક આપ્યો હતો કે ધર્મો દેવીને ૫૬ વર્ષો માટે તેમના બંદારણીય લાભથી વંચિત કરવામાં આવ્યા હતાં અને આ રીતે તે અસાધારણ પારિવારિક પેંશનની બાકીની રકમ પર વ્યાજની હકદાર છે. જો કે સીઆરપીએફ અને કેન્દ્ર સરકારે તેનો વિરોધ કરતા કહ્યું હતું કે ધર્મોદેવીની અસાધારણ પેંશનાનો પાછી લેવામાં કોઇ દુર્ભાવના ન હતી અનો આ ગલતફેમીના કારણે થયું હતું.

આદેશ પસાર કરતા ન્યાયમૂર્તિ હરસિમરના સિંહ સેઠીએ કહ્યું કે આ સ્પષ્ટ છે કે અરજીકર્તા કોઇ પણ સમયે ખોટી ન હતી પરંતુ એક યુધ્ધ વિધવાની સાથે પરિવાર પેંશનને આપવા જવાબદાર (કેન્દ્ર-સીઆરપીએફ) દ્વારા ખોટો વ્યવહાર કરવામાં આવ્યો છે આ વિવાદિત નથી કે તે દિવસે પણ જયારે અસાધારણ પારિવારિક પેંશન પાછું લેવામાં આવ્યું હતું અરજીકર્તાની પાત્રતા તોના અનુદાન માટે બની રહી તોને વળતર આપવું જોઈએ

## અભિમન્યુ..!!!!



અભેદ ચક્રવ્યૂહ ને તોડનાર તું,
કૌરવ અપાર સેના ને હણનાર તું,
કર્ણ, દ્રોણ , ક્રિપા ને પરાસ્ત કરનાર તું,
દુર્યોધન ના અહમ ને પડકારનાર તું,
જો વીરગતી ના પામ્યો હોથ છળ થી તું,
તો કદાચ સોળ વર્ષ ની ઉંમરે,
તેરમા દિવસે જ મહાભારત નું યુદ્ધ જીત્યો હોત તું.

રાહુલ રાજેન્દ્ર દેસાઈ -મુંબઈ

## હથેળી

ભરી હથેળી ને એ અંજલિ નું તળાવ બની ગયું,
મારી કાંકરી ને એ પાણી વળી પ્રભાવ બની ગયું.
પથ્થર મા પણ પ્રાણ ફૂકાયા ફેંકતા જે તે સમયે,
મળ્યો સ્પર્શ હસ્ત નો ને એ સ્વભાવ બની ગયું.
નથી ડહોડવું એ પાણી સુંદર તરંગો બનાવી ને,
કોઈના પીવાથી એ અમૃત નું ધરાવ બની ગયું.
અંતરે ગોપવેલા દર્દ ના આ દરીયા રૂપ રંગ ધરી,
હથેળી ની અંજલિ થી તરસ છીપાવ બની ગયું.
હોઠ ભીના છે ××કમલ× એકધરા ચાલતા કિનારે,
પીધા એ નીર; હોઠ બિડ્યા તો બનાવ બની ગયું



કમલેશ.વી પરીખ
(બોડેલી - વડોદરા )

સ્વપ્ન ના, વાસ્તવ બની ફળવા મને,
એમ, અધપળ આવજે મળવા મને.
લોક કસ્તર જેમ નોખો તારવે,
દે જગા ભીતર જરા ભળવા મને.
લો, ખુશી પણ છેતરે આહટ કરી,
મ્હોરું પહેરી આવશે છળવા મને.
ચાહનો લાવા ધધખતો હો ભલે,
આવ ! સત્વર આવ ને, ગળવા મને.
હામ ભીતર તો, ઘણી ભરતો રહું,
ભાગ્ય છો ના, માર્ગ દે રળવા મને !
કારમી ચીસો દફન છે ભીતરે,
ક્યાં કફન પણ આવતું કળવા મને.



સંદીપ પટેલ
કસક (ઇડર)

ગગન, અગન, જળ ,સ્થળ ,વાયુ;
ભર્યા ભીતર ,એજ સૌથી સવાયું.
રવ નિરંતર હંસમ સોહમ!
જીવ તું ,શિવ તું , એ વાત ઉત્તમ.
સૌ તત્વોની એકજ ગતિ છે,
સુધરી જા તું અલ્પમતિ છે.
અંતે સઘળું રાખ થવાનું;
પીંજરું થાશે પાંખ વિનાનું.
જીવતો કાયમ ગતિ કરે છે;
નાહક એમાં રતી કરે છે.
નિરંતર અંતર નામ રટીલે,
શિવ નામનો જાપ જપીલે.
એ એકજ સાથે સદાય રહેશે
સંચિત થઈ ને આગળ રહીને.



ચિંતલ જોષી - ‘‘સરિતા’’

## ગીત - જરા તું પણ

હસાતું હોય હૈયાફાટ; હસી જોજે જરા તું પણ,
રડાતું હોય ખિલખિલાટ; રડી જોજે જરા તું પણ.
કથાઓ કૈં અલગ સૂણી;
વ્યથાઓથી ઘણી ઊણી,
જગાવી પીડની ધૂણી;
ઉમટશે લાગણી કૂણી,
સહુની વારતામાં જઈ; ભળી જોજે જરા તું પણ.
કદી ઝળહળ દીવાની શગ;
કદી ઘનઘોરના હો ઢગ,
કદી માંડી શકો ના ડગ;
કદી તો વિસ્તરે છે જગ,
ઝઝૂમી અગ્નિશિખા પર; તરી જોજે જરા તું પણ.
નથી બખ્તર; નથી શિરત્રાણ;
નથી ભાલા; નથી કોઈ બાણ,
નથી સેનાની કોઈ આણ;
છતાં ચાલી રહ્યું ઘમસાણ,
લઈને બૂઠ્ઠી આ તલવાર;
લડી જોજે જરા તું પણ.



મુકેશ દવે -અમરેલી (ગુજરાત)

તમાચો મારી ગાલ લાલ રાખ્યો છે,
અધરે મુસ્કાન ને હૃદયે મલાલ રખ્યો છે.
જવાબો જિંદગીનાં જોઈ જોઈ નેય ×કાજ×,
પ્રાર્થનામાં એકેય ના સવાલ રાખ્યો છે.
વ્યથા અહીં તો રોજ દરોડા પાડતી,
અમેય વળી સ્વેગ પણ કમાલ રખ્યો છે.
શોધતાં રહ્યાં મારી હથેળીમાં એ એમનું નામ,
મેં તો નામ એમનું કોતરી રૂમાલ રાખ્યો છે.
યાદોની કેડી હવે તો પડતી મૂકી બસ,
અહીં ખૂણે આપનો એક ખયાલ રાખ્યો છે.
વૈકુંઠમાં ક્યાંક મોકાની જગ્યા મળી જાય હવે,
ઈશ× ને મુજ વચ્ચે મેં એક દલાલ રાખ્યો છે.



કાજલ શાહ,
મુંબઈ,

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



૨૬,પ્રદીપ રાવલ

### NOG SS No : 0110

**પ્રકાર : ગદ્ય-લઘુવાર્તા**
**વિષય : સંબંધોમાં બંધન કે મુક્તિ**
**શબ્દો : ૩૪૮**
**શીર્ષક : ’બંધન નહીં, મુક્તિ’**
**લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)**

રાજેશભાઈ અને નીતાબેન એકના એક પુત્ર દિપકના લગ્ન બાદ અત્યંત ખુશ હતાં. મોના જેવી સુશીલ, સંસ્કારી અને આધુનિક આચાર વિચારવાળી, ભણેલી અને નોકરી કરતી વહુ ઘરમાં આવી તેના વિશે નીતાબેન અડોશપડોશ, સગાંસંબંધીઓ અને મિત્રવર્તુળમાં ગર્વભેર હોંશ જતાવતા.

શું થયું?

દિપક અને મોનાનું લગ્નજીવન આનંદભેર આરંભાયુ. તેઓ બંને માતા-પિતાને આદર આપતા. પરંતુ લગ્નના એક વર્ષ બાદ પણ નીતાબેન સ્વભાવગત ઘરનો રોજીંદો વ્યવહાર અને રસોડાનો કારભાર હજુ પોતે જ સંભાળતા. જાણે અજાણે પુત્રપ્રેમના અતિરેકમાં પુત્ર અને પુત્રવધુ બંનેની નાની નાની બાબતોમાં ટીકા,ટિપ્પણી અને ચંચુપાત કરતા. આમ કરવાથી નીતાબેનને ઘરના વડીલ હોવાનો ગર્વભેર સંતોષ થતો. રાજેશભાઈની વારંવારની સમજાવટ છતાં નીતાબેનના વ્યવહારમાં કોઈ ફેરફાર દેખાતો ન્હોતો.

મોના આધુનિક યુગની સુશીલ, સંસ્કારી અને હોંશિયાર યુવતી હોવાથી તે સંબંધોમાં મુક્તિ અને મોકળાશ ઈચ્છતી હતી. ઘર્ષણમાં ધીમે ધીમે નીતાબેન અને મોના વચ્ચે અણગમાની એક અદ્દશ્ય દીવાલ ઉભી થવા લાગી. બંને વચ્ચે સંવાદ ઘટવા લાગ્યો. હવે એકબીજાના ગુણને ભૂલી માત્ર દોષ જ શોધાવા લાગ્યા. નીતાબેન કોઈપણ સંજોગોમાં ઘરમાં પોતાનું મહત્વ જાળવી રાખવા માગતા હતા. અને મોના હવે ઘરની વહુ તરીકે જરૂરી મહત્વ પોતાને મળે એમ ઈચ્છતી હતી. સંબંધોમાં તિરાડ પડી અને કમને પણ દિપક અને મોના અલગ રહેવા ગયા,

શું થવું જોઈતું હતું?

લગ્ન પછી મોનાના આગમનની સાથે જ રાજેશભાઈ અને નીતાબેને નક્કી કર્યા મુજબ દિપક અને મોનાને બેસાડીને કહ્યું, જુઓ, આજ સુધી આ ઘરનો વહીવટ અમે સંભાળ્યો. હવે આ ઘર તમને સોંપ્યું. હવે ઘરની દરેક નાનામાં નાની જરૂરિયાતોનું ધ્યાન તમે રાખશો. હવે આ ઘર તમારું, તેને ચલાવવાની જવાબદારી પણ તમારી. વહુ બેટા, તું સુશીલ, સંસ્કારી, ભણેલી-ગણેલી નોકરી કરતી હોંશિયાર સ્ત્રી છે. અમને ખાતરી છે કે તું તારો ઘરસંસાર સારી રીતે સંભાળીશ. વધતી ઉંમરે અમે બંને હવે યાત્રા, દેવ દર્શન, મિત્રોને મળવું, ફરવું અને ગમતી પ્રવૃત્તિ કરી આનંદ મેળવીશું. પાછળની જિંદગીમાં અમને ચોક્કસ તમારી જરૂર છે. અને અમને વિશ્વાસ છે,તમે અમારી પૂરતી કાળજી લેશો. તમને જ્યાં પણ જરૂર હશે ત્યાં અમે જરૂર તમારો ટેકો બનીને ઊભા રહીશું. પરંતુ હવે આ તમારી જિંદગી છે. અમને જ્યાં સુધી સાદ પાડીને બોલાવશો નહીં, ત્યાં સુધી અમે આવશું નહીં. દિપક અને મોનાનું લગ્નજીવન આનંદ અને ઉલ્લાસ સાથે મહેકવા લાગ્યું. મુક્તિથી બંને પક્ષે માન,આદર અને પરસ્પર પ્રેમ તથા સ્નેહથી સંબંધો સિંચાયા.

માટે જ નજદીકી સંબંધોમાં બંધન નહીં, મુક્તિનો અભિગમ આવકાર્ય છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

---

### NOG SS No/0044

**વિષયઃ- સંબંધોમાં બંધન કે મુક્તિ**
**શીર્ષકઃ- મીઠું બંધન.**
**નામઃ- વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.**

બાંધ્યો સંબંધ
નિભાવ્યો આજીવન
પ્રેમથી જીવ્યાં.
મહિલા ઈચ્છે
મુક્તિ મળશે ખરી
સંઘર્ષમાંથી!
પરણિતાને
બંધન લાગે મીઠું
સાજન સંગ.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

### NOG SS NO - 0050

**વિષય - સંબંધો માં બંધન કે મુક્તિ.**
**શીષેક - સંબધોમાં બંધન**
**પ્રકાર - પદ્ય મૌલિક.**

નથી કોઈ બંધન નથી કોઈ વચન તો પણ ,
તને પણ ને મને પણ..!
કેવો આ તારોને મારો પ્રેમ..! જાણે અતૂટ સંબંધોની લાગણી ..!
ખેંચી લાવે એકબીજાને પાસે..!
કદીક લાગે મનડાંમાં ..!
કેના વધુ તારી તરફ એક ડગલું પણ ,
કાચાં સૂતરના તાંતણે પેલાં બંધનો ખેંચાવે તારી તરફ..! ક્યાંક ડર લાગે મુંજને ..!
કે તૂટશે બંધન તો આંસુ પણ વહેશે..!
જોયાં તમને તે દિવસથી મારાં પોતીકા લાગ્યાં છો..!
સંબંધોની યાદવાસ્થળમાં દૂર જાણે સ્વપ્ના લાગે છે..!
હૃદય છે વ્યાકુળ વ્યથામાં કે સ્વયં તમે આવશો કે નહીં..! જાને લાગે છે આતો ખુલ્લી આંખનું સપનું મારું..!
તારાં માટેનું હોકે..!
અચાનક મોસમનું કલરવ બદલાય..!
પ્રેમને આપોઆપ તમને શોધી જ લેશે ..!
સંબંધોમાં બંધન બંધાઈ જશે..!
પેલી લાગણીઓ નો પહેલો અહેસાસ થઇ જ ગયો..! બસ વિશ્વાસના દરિયામાં પ્રેમનું ઉતારી દીધું..!
મારો પ્રેમ તો હૈયાની લાગણી જેવો..!
પણ મગજનાં રસાયણોની કમાલ છે..!
બે હૈયામાં ઊછળતી ?સમાન ઉર્મિઓને આપણે તો..!
પ્રેમ પ્રીત, પ્યાર,ઈશ્ક નામ આપીએ છીએ..!
ને શ્વાસમાં તમારાં સુવાસિત ફુલોની આવે છે..!
બે આત્માનાં સ્નેહભીના
ઋણાનુબંધ છે..!
એક ચૂસકી નશાવગર શક્તિશાળી ..!
એ તો દૈવી સંવાદ છે..!

રાગીની શુક્લ "રાગ", મુંબઈ

---

### NOG SS NO:0099

**વિષયઃ સંબંધોમાં બંધન કે મુક્તિ?**
**વિભાગઃ પદ્ય**
**શીર્ષકઃ નથી હોતા**
**શબ્દોઃ ૫૭**

જ્યાં પ્રેમ છે ત્યાં બંધન નથી હોતા,
જ્યાં બંધન છે ત્યાં સ્પંદન નથી હોતા.
ઉભય સંગ મધુર વિશ્વાસથી જીવો,
જ્યાં શંકા હોય ત્યાં વંદન નથી હોતા.
જીવન સત્કર્મો ને આદર્શોથી દીપાવો,
જ્યાં મહેક હોય ત્યાં ચંદન નથી હોતું.
પ્રયોગ વાણીનો વિચારીને જ કરવો,
જ્યાં માઠું લાગે ત્યાં ક્રંદન નથી હોતું.

ભાવનાબેન મિસ્ત્રી "અભય",વલસાડ

---

### NOG SS No: 0081

**પ્રકાર : ગદ્ય**
**વિષય : સંબંધો માં બંધન કે.મુક્તિ**

સંબંધ ઘણાં, ઘણાં સંબંધી,
બંધાયાં સૌ સંગ સ્નેહ કે રક્તથી.
સમય સાથે સૌ સંબંધ બદલાતાં,
થતાં ઘનિષ્ઠ કે પછી વીસરાતાં.
સ્વાર્થ તો જન્મથી જ ગળે વળગેલો,
માતા તાત એ તો બંધન કેમ માનો ?
એમનાં બંધને તો મોટા સંત પણ વામણાં
અવનીએ અવતરવા એમનું ઋણ કરવું અદા.
એ બંધનથી મુક્તિ મન કદી ન માંગે,
દરેક જન્મે એમને જ દિલ ફરી ચાહે.
બીજાં બંધનો મિત્ર ,સખી,સખા ,સ્નેહીનાં,
આવે કદી ઓટ,ભરતી તો કદીક અબોલા.
હોય કોક જ વીરલા જે ફગાવી શકે હર બંધન,
પામે દુન્યવી મુક્તિ,રહે આતમ ખોજમાં મગન.
જે જન માને વિશ્વ દેણ ઈશ્વરની,
એ પામે આનંદ અવિરત ન ચાહે મુક્તિ.
વિશ્વ કલ્યાણનું જેણે લીધું છે પણ,
એ તો હર માનવમાં પામે ઇશ દર્શન.
મૂક પશુ પંખી પણ સંબંધો બાંધે,
નિભાવે આનંદે, નિઃસ્વાર્થ ભાવે.
માનવ જો રહે સાફ દિલે,બંધન પ્રેમે અપનાવે,
નંદનવન બને જગ,બંધન જ મુક્તિ ?સમ ભાસે.

માયા દેસાઈ, મુંબઈ ભારત.

---

### NOG.SS.No.0098

**પ્રકારઃ- સંબંધો માં બંધન કે મુક્તિ**
**પ્રકારઃ- ગદ્ય**
**શીર્ષકઃ- આધુનિક યુગની વિદેશી પ્રથા "લિવ -ઇન -રિલેશન"**

મિત્રો આજના વર્તમાન સમયમાં નવયુવાઓ આ વિદેશી પ્રથા લિવ -ઇન -રિલેશનને અપનાવી રહ્યા છે યુવા પેઢીનો સ્વપ્ન આઝાદ ખ્યાલનો ઇન્સાન બનવાનો, જિંદગીની મૌજો ના મજા માણવા અને કેરિયર બનાવવા નો હોય છે .જે વર્તમાનમાં વધી રહેલી સામાજિક બુરાઈ છે.

આપણા માતા-પિતાની પસંદથી વિવાહ કરીને એક પાવન ,સુરક્ષિત, સામાજિક ,પારિવારિક નીવ રાખવા કરતાં આ ખોખલો લિવ- ઇન- રિલેશન ને અપનાવી રહ્યા છે. યુવા પેઢીના આધુનિકતાનો ભૂત એટલો બધો માથે સવાર છે કે જેની આગળ માતા-પિતાના ખયાલાત જુના જમાના ના લાગે છે પણ શું ખરેખર યુવાઓનો સ્વપ્ન સાકાર થાય છે ખરો ?આ એક ચિંતનનો વિષય છે.

આ વિદેશી પ્રથા ના આધુનિક પ્રવૃત્તિના ઘાતક પરિણામો સમાજમાં જોવા મળે છે. આ આધુનિક પ્રથાથી પ્રેરાયેલી યુવાન પેઢીનો જીવનના મહત્વના વર્ષો વ્યર્થ માં જતા રહે છે . અપમાનનો દંશ ભોગવવો પડે છે છોકરીઓને છોકરાઓ રમકડા સમજે છે આ આધુનિક પ્રથા યુવાનોના જીવનમાં ધોખો, અપમાન ,આત્મઘાત, ડિપ્રેશન અને અનેક જાતની માનસિક બીમારીઓ માં વૃદ્ધિ કરે છે. સ્ત્રી-પુરુષનો સાથ જ્યારે નિયમ બદધ બંધનમાં ના હોય ત્યારે તે વ્યભિચાર જ ગણાય છે. આપણી ભારતીય સંસ્કૃતિનો વિવાહ નું બંધન એટલે જ પવિત્ર અને સુદ્રઢ ગણાય છે.

મિત્રો આ લિવ ઇન રિલેશન નો નવું ચલણ કાંઈ જ નથી બસ મિત્ર બનીને શારીરિક લિપ્સા ઓની પૂર્તિનો માધ્યમ ભર છે અને જે રિસ્તા બંધન કે મર્યાદામાં નથી તે સુરક્ષિત નથી.

આધુનિક યુગમાં વિદેશી પ્રથા લિવ -ઇન -રિલેશન એક ગૈર જિમ્મેદારાના રિલેશન છે. આ આધુનિક યુગમાં સામાજિક પારિવારિક નિયંત્રણ અને જવાબદેહી માં આવી રહેલી ગિરાવટ ને દર્શાવે છે. આ દુષિત આચરણ છે.આવી વિદેશી દુષિત અને ઘાતક પ્રથાથી યુવાપીઢીને મુક્ત થવો જોઈએ.

લીના શર્મા.હાલોલ

---

### NOG SS No: 0001

**પ્રકાર : ગદ્ય**
**શિર્ષક : સંબંધો એટલે બંધન અને મુક્તિ**

જાહેર અને સામાજિક જીવન માં ક્યારેક કેટલાક સંબંધો પોતાના મન ને કાબૂમાં નહિ રાખનાર અતિશયોક્તિ કરીને પોતાની ઈજ્જત અને આબરૂ છડે ચોક ઉડાડતા જોવા મળે છે.ખાસ કરીને ફિલ્મ લાઈન અને રાજકિય નેતા પરિવારોમાં વધારે જોવા મળે..દીકરી નીં ઉંમર જેટલી સાથે વિવાહ અને પ્રેમ પ્રકરણ...ખેર...

કેટલાક સંબંધો જીવન માં એવા અનાયાસે કોઈક બહાને બની જાય કે જે ક્યારેક સામાજિક અને સુખ દુઃખ ના પ્રસંગે આપને શ્વાસ/સહાનુભૂતિ નો અહેસાસ કરાવી જાય.કેટલાક સંબંધો દ્દશ્ય અને અદ્રશ્ય કોઈક ના જીવન નુંકારણ બની જતા કિસ્સા પણ જોવા મળે છે.બસ સવાલ એ છે કે સંબંધ પવિત્ર કે અપવિત્ર કે છલ કપટ કે અપેક્ષાઓ વાળો....અનેક કિસ્સાઓ જોવા સાંભળવા મળે..પડછાયા જેવા સંબંધો ક્યારેક જીવન ની અનેક ખોટ અદ્રશ્ય રીતે પૂરી જાય... આપણે તો દ્રૂંર પરિવાર માં આજેય એવા સંબંધો છે કે નાંકોઈ બંધન કે નાંકોઇ મુક્તિ....બસ હૂફ નો એક બેજોડ પ્રેમ....

**સંચાલક : પ્રદીપ રાવલ**

# ભારતીય તટરક્ષક દળના મહાનિદેશકે ગુજરાતની મુલાકાત લીધી




અમદાવાદ

ભારતીય તટરક્ષક દળના મહાનિદેશક (DGICG) મહાનિદેશક વી.એસ. પઠાનિયા PTM, TM 15 થી ૧૭ એપ્રિલ ૨૦૨૨ દરમિયાન ઉત્તર પશ્ચિમ તટરક્ષક પ્રદેશની મુલાકાતે આવ્યા હતા જેમાં તેમણે ઓખા અને પોરબંદર ખાતે આવેલા જિલ્લા હેડક્વાર્ટર ખાતે વિવિધ ICG યુનિટની મુલાકાત લીધી હતી અને વાડીનાર તટરક્ષક સ્ટેશનની પણ મુલાકાત લીધી હતી. આ મુલાકાતો દરમિયાન DGICGએ, આ યુનિટ્સની પરિચાલન તૈયારીઓની સમીક્ષા કરી હતી અને તટરક્ષક દળના કર્મીઓ સાથે સંવાદ કર્યો હતો. તેમણે ઓખા ખાતે હોવર પોર્ટનું પણ ઉદ્દઘાટન કર્યું હતું અને વાડીનાર ખાતે તટરક્ષક જેટ્ટીનો શિલાન્યાસ કર્યો હતો. આ બંને પરિયોજનાઓથી આ પ્રદેશમાં ICGનો વિકાસ થવામાં વેગ મળશે અને ઝડપી પરિચાલન ટર્નઅરાઉન્ડ પ્રદાન થશે તેમજ ICGની જાળવણી કામદારી વધુ વેગવાન થશે. DGICGની સાથે તટરક્ષિકાના અધ્યક્ષ પણ જોડાયા હતા અને તેમણે ICG કર્મીઓના પરિવારો સાથે સંવાદ કર્યો હતો તેમજ ઓખા ખાતે મેસ એનેક્સ સુવિધાનું ઉદ્દઘાટન કર્યું હતું. ઈન્સ્પેક્ટર જનરલ એ.કે. હરબોલા, TM, પ્રાદેશિક કમાન્ડર (ઉત્તર પશ્ચિમ) અને જિલ્લા કમાન્ડર્સ પણ DGICG સાથે જોડાયા હતા.

# ભોગવે એ ભાગ્યશાળી

૬૫ વર્ષની ઉમરે એકલવાયુ જીવન જીવતાં બુજર્ગ ડીપ્રેશનમાં આવી ગયા એટલે તેમને મનોચિકિત્સિક ડોકટર પાસે લઈ ગયા...

ડો.- તમારા દિકરા દિકરી શું કરે છે ?

બુજર્ગ-એમને મેં પરણાવી દીધા છે અને તેઓ સુખી છે.પત્નિ ગુજરી ગયા છે..જીવનમાં કોઈ જલસો નથી....

ડો.- એવી તમારી કોઇ ખ્વાઇસ ખરી કે જે પુરી ના થઈ હોય ?

બુજર્ગ- હા ..એક ખ્વાઇસ હતી કે એક દિવસ કોઈ ફાઈવસ્ટાર હોટેલમાં રોકાવ..

ડો.-તમારી પાસે મિલ્કત કેટલી ?

બુજર્ગ- હું હાલમાં રહું છું તે ફલેટ અને એક મોટો મોકાનો ૧૦૦૦ મિટરનો પ્લોટ જેની કિમત ૮ કરોડ રૂપિયા છે.

ડો.- તમને એમ નથી થતું કે તમારી પાસે જે મિલ્કત છે તે તમે વેચીને જલસાની જીંદગી જીવો..મારૂ માનો તો તમે એ પ્લોટ વેંચી નાખો..જે ૮ કરોડ રૂપિયા આવે તેમાંથી એક ચાર કરોડની મિલ્કત લઈ લો અને બાકીના ચાર કરોડ વાપરવા માંડો..એક ફાઈવ સ્ટાર હોટેલમાં જેનું ભાડુ રોજના ૧૦ હજાર છે તેમાં રહેવા માંડો...ત્યાં તમને સ્વીમીંગ પુલ.જીમ અનેક જાતનાં ભાવતા ભોજન અને અનેક લોકોને મળવાનું બનશે ..અને દર ત્રણ મહિને શહેર બદલી નાખો..તમને જીવન પ્રત્યી પ્રેમ જાગશે અને તમારૂ ડીપ્રેશન કાયમ માટે દૂર થઈ જશે.

બુજર્ગ ૧૦ હજારનાં ભાડાવાળી ફાઈવસ્ટાર હોટેલમાં રહેવા ગયા...ટેશ અને જલસામાં દિવસો પસાર થવા માંડયા...૭૩ માં વર્ષે જયારે તેમનું અવસાન થયું ત્યારે ચાર કરોડમાંથી ૧.૫ કરોડ હજુ બચ્યા હતાં અને ચાર કરોડની લીધલ પ્રોપર્ટીના ભાવ ૮ કરોડ થઈ ગયા હતાં..કેહેવાની જરૂર નથી કે ડીપ્રેશન તો સંદતર નાબુદ થઈ ગયું હતું અને જીવવા માટેના અનેક બહાના પણ મળતા રહ્યા હતા..

બોધ-મરણ મુડી પણ મરણ પહેલા વાપરી નાખવી અને જલસાથી પાછલી જીંદગી જીવવી.....

ભોગવે એ ભાગ્યશાળી
હર હર મહાદેવ
જય જય પરશુરામ

# ગુજરાતના ચરોતર ધરાની ખુશ્બુ - ખુશી પટેલ ને એક્સેપશનલ ગ્રેજ્યુએટ એવોર્ડથી સન્માનિત



ગુજરાતના ચરોતર પંથકના ( ભાટેરા-મહિસા)વતનના, કેલિફોર્નિઆ સ્થિત ખુશી પટેલ ,બહુવિધ પ્રતિભા ધરાવતી , સેન્ટીનીઅલ હાયર સેકન્ડરી સ્કુલની , તજજ્ઞ સાયન્સ( IB) વિદ્યાર્થિની છે.અમેરિકાની પાર્શ્વભૂમિ એટલે વિવિધ સંસ્કૃતિને પ્રતિભાઓનું સંગમ સ્થાન. શિક્ષણ ક્ષેત્રે , હાયર સેકન્ડરી શાળા એટલે જવલંત કાર્કિર્દી ઘડતી , કૌશલ્યવાન યુવા પેઢી માટે પ્રતિસ્પર્ધા ભર્યો સમય.

જગતને શ્રેષ્ઠતમ અર્પણ કરવાની ભાવનાવાળી આ નવયુવાન પેઢીને પુરુષ્કૃત કરવા- ૧૧ એપ્રીલ, ૨૦૨૨ ના રોજ ૧૭ મા વાર્ષિક સમારંભનું આયોજન , ચીફ એકેડેમીક ઓફિસર( ડીવીઝન ઓફ એક્ઝીક્યુશનલ સર્વિસીસ) - રીવર સાઈડ કાઉન્ટી , સુપરીટેન્ડેટ ઓફ સ્કુલ દ્વારા કરવામાં આવ્યું.

ભવ્ય સમારંભમાં ઉપસ્થિત , જૂથની તમામ શાળાના પ્રિન્સિપાલ્સ/ સ્ટાફ / પ્રમુખ ને બોર્ડના માનનીય સભ્યશ્રીઓ/ પેરન્ટસ ને શાળામાં પ્રથમ ક્રમાંક મેળવનાર સર્વ પ્રતિભાવંત વિદ્યાર્થી આલમને, આવકારતાં, Mr. Edwin Gomes(Ed.D.), નવી પેઢીના જોશ અને ભાવિ જગતને શ્રેષ્ઠતા અર્પણ કરવાની ભાવનાને બિરદાવી હતી. શિક્ષણ ક્ષેત્રે , કેલિફોર્નિઆની આ સર્વ વિશ્વ વિખ્યાત હાયર સેકન્ડરી ગ્રેજ્યુએશન શાળાઓના વિદ્યાર્થીઓએ , બહુમુખી પ્રતિભા સાથે , ખંત અને મહેનતથી જવલંત સફળતા પ્રાપ્ત કરી છે, તે માટે વિશેષ આનંદ સાથે જાહેરાત કરતાં કહ્યું કે -

રીવર સાઈડ કાઉન્ટી - ઓફિસ ઓફ એજ્યુકેશન , આજે ‘ Inspire educational youth` ના ધ્યેય સાથે , દરેક શાળાના પ્રથમ ક્રમાંકના વિદ્યાર્થીઓને - Outstanding academic achievement - એવોર્ડ પ્રદાન કરી ધન્યતા અનુભવે છે. આ સમારંભમાં , આ તમામ પ્રતિભાવંત તારલાઓમાંથી ,કઈ શાળાનો ,કયો તેજસ્વી વિદ્યાર્થી , મૌલિક નિબંધ સ્પર્ધા ને વિવિધ શાળાકીય પ્રવૃતિઓમાં યોગદાનથી , સર્વ શ્રેષ્ઠ પ્રથમ ક્રમે નોમીનેટ થાય છે.. તે જાણવા સૌ ઉત્તેજિત હતા.

સ્ટેજ પર આવવા આમંત્રણ આપતાં જાહેરાત થઈ.. સેન્ટીનીઅલ સ્કુલ(કરોના)ની વિદ્યાર્થિની ખુશી પટેલ, સૌ તારલાઓમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરે છે ને ‘Exceptional graduate award- extra ordinary circumstances , માટે વિજેતા ઘોષિત કરી , હૃદયથી અભિનંદન પાઠવું છું. સાચે જ પરિશ્રમ , સાધના ને તેજસ્વિતાનું પ્રતિક એટલે ખુશી પટેલ છે.

ખુશી પટેલે તેમને મળેલા આ એવોર્ડ માટે , શાળાના શિક્ષક વૃંદ , મેનેજમેન્ટ ને માત- પિતા શ્વેતા તથા ચંદ્રેશ પટેલને બહેન જાનકીને શ્રેયના ભાગીદાર કરી આભાર માનતાં કહ્યું કે મને પ્રેરણા ને જોમ પૂરું પાડેલ કે ‘Khushi - yes we can`. આ સ્પેશિયલ બહુમાન અર્પણ કરવા બદલ , કાઉન્ટી એજ્યુકેશનલ બોર્ડનો આભાર માનું છું .

વતન ગુજરાતની પરદેશમાં સન્માનીય વિજય પતાકા લહેરાવતી, ખુશી પટેલ , અમારા ગુજરાતી સિનિયર ફ્રેન્ડ સર્કલ ગ્રુપના (GSFC) - રમેશ પટેલ/ સવિતાબેના દોહિત્રી છે. ગુજરાત ધરાની લાડલી સંતાન ખુશીને અભિનંદન પાઠવી , ખુશી ખુશી ખુશીને સંદેશો આપી વધાવ્યા-

×કેમ ન ગાઉં ગૌરવ થઈ ગુજરાતી

અમારી ગજગજ ફૂલતી છાતી ( માહિતી અને તસ્વિર સૌજન્ય :- કાન્તિભાઈ મિસ્ત્રી, કેલિફોર્નિયા. )

## રાજ્યમાં અંગોના પ્રત્યારોપણ માટે વેઇટીંગ ઘટે તે દિશામાં સિવિલ હોસ્પિટલ કટીબધ્ધ- સુપ્રીટેન્ડન્ટ ડો. રાકેશ જોષી

# સિવિલ હોસ્પિટલમાં ૫૩ મું અંગદાન-બ્રેઇનડેડ હિરાબેન ત્રણ પીડિત દર્દીઓના જીવનમાં સુખનો દીપ પ્રગટાવી ગયા




અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૫૩ મું અંગદાન થયું છે. અમદાવાદ શહેરના નિકોલ વિસ્તારમાં રહેતા ૫૯ વર્ષીય હીરાબેન કણઝારીયાને બ્રેઈનહેમરેજ થતા પરિવારજનોએ અંગદાનનો નિર્ણય કર્યો. બ્રેઈનડેડ હીરાબેનના અંગદાન થી ત્રણ પીડિત દર્દીઓના જીવનમાં સુખનો દીપ પ્રગટ્યો છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના અંગોના રીટ્રાઈવલમાં મહત્વની ભૂમિકા અદા કરતા ડૉ. નિલેશ કાછડીયા પોતાના શબ્દોમાં વર્ણવે છે કે, જ્યારે આપણે કોઈક ફિલ્મ જોવા જઈએ ત્યારે તેનો પ્રારંભ જેટલો સરસ હોય તેટલો જ અંત પણ સરસ બને તે આપણે સૌને ગમે... એવું જ કંઈક જીંદગીનું છે... જન્મ થાય એટલે સમગ્ર ઘર અને પરિવારમાં ખુશીનો માહોલ સર્જાય અને મૃત્યુ સમયે શોક... જીન્મ અને મૃત્યુ જીંદગીનો એક ભાગ છે પરંતુ આ બંને વચ્ચે જો સુખદ અંતની પરિભાષા કોઈ બની હોય તો તે છે અંગદાન..... મૃત્યુ બાદ પણ અંગદાન થકી અન્યોના જીવમાં જીવંત રહેવું તેનાથી સુખદ અંત વળી અન્ય કોઇ હોઇ શકે ખરો....!

હીરાબેન બળદેવભાઈ કણઝારીયાએ પોતાના બાળકોને સમાજસેવા અને જનઉપયોગી જીવન જીવવાના સંસ્કારનો સિંચન કર્યું.. જીવનના અંતિમ સમયમાં જાણે પોતાને ખ્યાલ આવી ગયો હોય કે હવે લાંબુ સમય જીવી શકાશે નહીં માટે સવાર-સાંજ નિત્યક્રમ ગીતાનો પાઠ કરતા અને જીવન ની બધી જ મોહ માયાથી ઉપર ઉઠી ચુક્યા હતા.

આ દરમિયાન એક દિવસ અચાનક બ્રેઈન હેમરેજ થવાથી તેઓ બેભાન થઈ ગયા.પરિવારજનો ચિંતીત બનતા ઘડીનો પણ વિલંબ કર્યા વિના સારવાર માટે સિવિલ હોસ્પિટલ માં લઇ પહોંચ્યા. સિવિલ હોસ્પિટલના તબીબોની અથાગ મહેનત છતા પણ હીરાબેનને બચાવી ના શકાયા. અંતે ૧૫/૪/ ૨૦૨૨ ના સાંજે ૬ વાગે તબીબો દ્વારા હીરાબેનને બ્રેન્ડેડ જાહેર કરવામાં આવ્યા.

હીરાબેનના દીકરા સંદિપ કે જેઓ ચાર વર્ષથી દાહોદ ખાતેની ઝાયડસ મેડિલ કૉલેજ અને હોસ્પિટલમાં બાયોકેમેસ્ટ્રી વિભાગમાં ટ્યુટર તરીકેની ફરજ બજાવી રહ્યા છે તેમને સિવિલ હોસ્પિટલની જીૅ ની ટીમના તબીબો અને કાઉન્સેલર્સ દ્વારા બ્રેન ડેડ હોવાની જાણ કરવામાં આવી. એક ક્ષણ માટે આ સમાચાર સાંભળીને પરિવારનજનોના ચહેરા ના ભાવ બદલાયા અને બધા સ્તબ્ધ થઇ ગયા.

તબીબોએ પરિવારજનોને અંગદાનની પણ સમજ આપી.સંદિપભાઈના જણાવ્યાનુસાર માતા જયારે આઇ.સી.યુ.માં એડમિટ હતા ત્યારે તેમને સિવિલ હોસ્પિટલના આઇ.સી.યુ.માં અંગદાન અંગેના પોસ્ટરમાં લખેલી વિગત વાચીં હતી. જેના પરિણામે પરિવારજનોએ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના અંગદાન માટે સંમતિ આપી.

અંગદાનની સંમતિ મળતા તબીબોએ રીટ્રાઈવલની પ્રક્રિયા આરંભી. ભારે જહેમતના અંતે બ્રેઇનડેડ હિરાબેનના બે કિડની અને એક લીવર મેળવવામાં સફળતા મળી. તબીબોએ હૃદયનું દાન મેળવવાના વારંવાર પ્રયત્નો કર્યા પરંતુ ટેકનીકલ કારણોસર તે શક્ય બન્યુ નહીં.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષી જણાવે છે કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલે આદરેલા અંગદાનના મહાયજ્ઞમાં આજે ૫૩ મી કડી ઉમેરાઇ છે. સમાજમાં દિવસેને દિવસે અંગદાન પ્રત્યે જનજાગૃતિ પ્રવર્તી રહી છે.

સિવિલ હોસ્પિટલમાં ૫૩ અંગદાતાઓના મળેલા ૧૬૧ અંગોએ ૧૪૩ લોકોને નવજીવન આપ્યું છે. આગામી સમયમાં કોઇપણ જીવીત વ્યક્તિએ અંગનું દાન કરવુ પડે નહીં. રાજયમાં બ્રેઇનડેડ થતા દર્દીઓના મળેલા અંગોના દાન થી અંગોના પ્રત્યારોપણ માટે વેઇટીંગ ઘટે તે દિશામાં અમદાવાદ સિવિલ હોસ્પિલ કટીબધ્ધ છે.

અમિતસિંહ ચૌહાણ

## વિશ્વશાંતિ માટે સાત્વિક યજ્ઞ યોજાયો

# મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત નૂતન મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા સંપન્ન



શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ અંતર્ગત, શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર, એમ્બલટન, પર્થ, ઓસ્ટ્રેલિયા ખાતેના નૂતન મંદિરના પ્રતિષ્ઠા અંતર્ગત વિદેશી ધરતી પર સનાતન વૈદિક ધર્મની સુવાસ મહેંકી ઊઠી હતી તેમજ વિશ્વશાંતિ માટે સાત્વિક યજ્ઞ કરવામાં આવ્યો હતો. ભારતીય વૈદિક સનાતન સંસ્કૃતિ મુજબ સુવર્ણ મંડિત કળશ અને ધ્વજવંડ શિખરોની શોભા પણ કંઈક ઓર જ હતી. મંદિરમાં પૂજન, આરતી, અન્નકૂટ વિગેરે પણ યોજાયા હતા. પરમ પૂજય આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજે આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે મનુષ્યે જીવનમાં સત્સંગની ટેવ રાખવી; સત્સંગથી મનુષ્યનું જીવન સંસ્કારીત બને છે; સંસ્કારીત મનુષ્ય સમાજમાં પ્રતિષ્ઠાને પામે છે.

મહોત્સવમાં ભારત, અમેરિકા, કેનેડા, નાઈરોબી, લંડન, બોલ્ટન તેમજ ઓસ્ટ્રેલિયાના હરિભક્તોનો સમૂહ ઉપસ્થિત રહ્યો હતો.

## ચાણસ્મા તાલુકા પત્રકાર એકતા સંગઠન ની રચના કરવામાં આવી

# ચાણસ્મા ખાતે આવેલ સીટી પોઈન્ટ હોટલ ના હોલમાં પત્રકાર એકતા સંગઠન ની મીટીંગ યોજવામાં આવી

ચાણસ્મા ખાતે આવેલ સીટી પોઈન્ટ હોટલ ના હોલમાં પત્રકાર એકતા સંગઠન ની મીટીંગ યોજવામાં આવીજેમાં પત્રકાર એકતા સંગઠન ગુજરાતના પ્રમુખશ્રી લાભુભાઈ કાત્રોડીયા તથા પ્રદેશ પ્રભારી શ્રી ગૌરાંગ પંડ્યાના માર્ગદર્શન હેઠળ પત્રકાર એકતા સંગઠન ની રૂપરેખા રજૂ કરવામાં આવી જેમાં ચાણસ્મા પત્રકાર એકતાસંગઠનના ખજાનચી ચેતન શાહ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ગુજરાત ના ૩૩ જિલ્લા અને ૨૫૨ તાલુકા કારોબારી ધરાવતું રાજયનું સૌપ્રથમ અને એકમાત્ર સંગઠન છે તમામ તાલુકા અને જિલ્લા કક્ષાએ કાર્યરત પત્રકારો સંગઠન સાથે જોડાઈને મોટા મતભેદો ભૂલીને એક થાય તે હેતુથી પત્રકાર નો અવાજ બુલંદ કરવા સંગઠિત થવા આહ્વાન કર્યું હતું

જેમાં ચાણસ્મા તાલુકાના પત્રકાર એકતા સંગઠનના પ્રમુખ શ્રી અમૃતલાલ ઈશ્વરદાસ પટેલ દ્વારા ચાણસ્મા તાલુકાના પત્રકાર એકતા સંગઠન ચાણસ્માના વિવિધ હોદ્દા ની વરણી કરવામાં આવી

ઉપ પ્રમુખ તરીકે:-(૧)શ્રી હસમુખભાઈ ઠક્કર ,(૨) શ્રી મિતેશભાઈ વ્યાસ

મહામંત્રી તરીકે,(૧) શ્રી અંકિત કુમાર પ્રવીણભાઈ ઠક્કર,(૨)શ્રી પંકજ જોષી.,મંત્રી તરીકે,(૧) શ્રી પીક્રેશ ભાઈ રાવલ,(૨) શ્રી કિર્તીભાઈ મણિલાલ પટેલ,સહમંત્રી,(૧) શ્રી મનીષભાઈ નાઈ,(૨) શ્રી નીખીલ જોષી, ખજાનચી તથાઆઇ.ટી.સેલ,શ્રી ચેતન મહાસુખલાલ શાહ ઉપરોક્ત તમામ ને હોદ્દા ની વરણી કરવામાં આવી.

આ સમયે પ્રદેશ સહ પ્રભારી તરીકે કમલેશ ભાઈ પટેલ, પાટણ . પ્રદેશ કોડિનેટર તરીકે રાજુભાઈ પટેલ.જિલ્લા કોડિનેટર તરીકે પરેશભાઈ ઝાલા તથા પાટણ જિલ્લા ઉપપ્રમુખ તરીકે નરેશભાઈ પરમાર તથા મંત્રી તરીકે કિરણ ભાઈ પટેલતથા દત્તેશ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા

સંગઠન વિશેની વિસ્તૃત જાણકારી આપી હતી આ સમયે મા સરસ્વતી નું પૂજન કરવામાં આવ્યું હતું સાથે સાથે આજના પ્રમુખશ્રી અમૃતભાઇ તરફથી તમામ પત્રકાર મિત્રો ને જમણવાર કરવામાં આવ્યો હતો હોટલના માલિક મુકેશભાઈ પટેલ તરફથી સભા સભાખંડ નો સહયોગ આપવામાં આવ્યો હતો

આજનુ તમામ સંચાલન ચેતન શાહ દ્વારા કરવામાં આવ્યું હતું અને આભાર વિધિ પણ તેમના તરફથી કરવામાં આવી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે વધુમાં ચાણસ્મા તાલુકાના તમામ પત્રકારો ની એકસીડન્ટ વીમા કવચ માટે ઉપપ્રમુખ તરીકે હસમુખ ભાઈ ઠક્કર દ્વારા તેમના સ્વખર્ચે ચાણસ્મા તાલુકાના તમામ પત્રકારોને પોતાના સ્વખર્ચે એકસીડન્ટ વિમા કવચ આપવામાં આવશે તેવી જાહેરાત કરતા સમસ્ત પત્રકારોમાં હર્ષની લાગણી છવાઈ ગઈ હતી તેમજ સમસ્ત હોલની અંદર હાજર રહેલ પત્રકારો દ્વારા તાળીઓના ગડગડાટથી તેઓને વધાવી લેવાયા હતા ,રિપોર્ટ મીતેશ વ્યાસ ચાણસ્મા

# સિધ્ધપુરના ૯૧ વર્ષિય વૃદ્ધનું અવસાન થતા પરિવાર દ્વારા તેમના મૃતદેહનું ધારપુર હોસ્પિટલ ને દાન કર્યુ



રિપોર્ટ નિખીલ જોશી પાટણ બ્યુરો

સિદ્ધપુરના ૯૧ વર્ષીય વૃદ્ધનું અવસાન થતાં તેમના પરિવાર દ્વારા મૃતદેહનું ધારપુર હોસ્પિટલ ને દાન કરી તબીબી ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે કામ આવે તે માટે મૃતદેહનું દાન કરવામાં આવ્યું હતું. સિદ્ધપુર શહેરના મહેતાપોળના મહાડની પાસે રહેતા વાસુદેવભાઈ અંબાલાલ મોઢનું ૯૧ વર્ષની વયે અકાળે અવસાન થયું હતું. જેથી તેમનું અંતીમ સપનું હોય તેમના મૃતદેહ પણ સેવાકીય કામ અર્થે કામ આવે જેને લઈ તેમના પરિવાર દ્વારા મેડિકલનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે તેમનો મૃતદેહ કામ આવે તેવા હેતુથી તેમના મૃતદેહને ધારપુર સૈવિલ હોસ્પિટલ ખાતે દાન કરવામાં આવ્યો હતો.

પરિવાર દ્વારા વૃધ્ધના મૃત્યુ બાદ તેમની ઈચ્છાનુસાર કરાયેલ દેહ દાનની સેવા પ્રવૃતિ ને ધારપુર હોસ્પિટલ પરિવારે સરાહનીય લેખાવી હતી.

## કાંકરેજ તાલુકામાં સાસુ ઉપર વહુ નો અત્યાચાર ની ગજબ ઘટના.

# બનાસકાંઠાના કાંકરેજ માં વહુના ત્રાસ થી સાસુ એ ઘર છોડ્યું

બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના એક ગામમાં રહેતાં ૭૫ વર્ષીય વૃદ્ધાની સેવા કરવાને બદલે ઘરનું કામ કરાવી, સમયે જમવાનું પણ ન આપી વહુ માનસિક ત્રાસ આપતી હતી. અંતે, સાસુ કંટાળી કોઈને પણ જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયાં હતાં અને પાસે પૈસા ન હોવાથી પગપાળા પાટણ શહેર પહોંચી ગયાં હતાં. પાટણ ૧૮૧ અભયમની ટીમને પાટણ શહેરમાં ફરતી મહિલા અંગે જાણ થતાં પૂછપરછ બાદ વહુના ત્રાસથી ભયભીત હોવાથી ઘરે જવાની મનાઈ કરતાં વૃદ્ધાને આશ્રયગૃહમાં રાખવામાં આવ્યાં હતાં.પાટણ શહેરમાં ૭૫ વર્ષીય વૃદ્ધા એકલા ફરતાં હોવાનો કોલ ૧૮૧ અભ્યમને મળતાં મહિલા પોલીસના એ.એસ આઈ ધર્મિષ્ઠાબેન તેમજ કાઉન્સેલર આરતીબેન ઠાકોર અને તેમની ટીમ સાથે પહોચ્યાં હતાં.

વૃદ્ધાનું કાઉન્સેલિંગ કરતાં જાણવા મળ્યું હતું કે કાંકરેજ તાલુકાના એક ગામમાં રહેતાં વૃદ્ધાનો એક દીકરો અને દીકરી છે. દીકરી સાસરે રહે છે. પુત્ર અને પુત્રવધૂ સાથે રહેતાં હતાં. વહુ માથાભારે હોવાથી વૃદ્ધા પાસે સતત કામ કરાવતી હતી. જમવાનું પણ આપતી ન હતી.શારીરિક- માનસિક ત્રાસ સહન ન થતાં માજી ઘરેથી નીકળી ગયાં હતાં. ચાલતાં ચાલતાં પાટણ આવી પહોંચ્યાં હતાં. વૃદ્ધાને ઘરે પરત જવાનું કહેતાં તેમણે ના પાડી હતી, આથી તેમને પાટણ ખાતે આશ્રય સ્થાને મૂકવામાં આવ્યાં હતાં. વૃદ્ધાની હાલત ખૂબ જ અશક્ત હોવાથી ચાલી શકવાની સ્થિતિ ન હોવા છતાં ઘરેથી કંઈપણ લીધું ન હતું, પાસે એકપણ રૂપિયો ન હોવાથી મજબૂરીએ વૃદ્ધા કાંકરેજ તાલુકાના એક ગામથી પગપાળા બીજે જવા નીકળી પડ્યાં હતાં. અંતે, દસ દિવસથી ચાલતાં ચાલતાં બુધવારે પાટણ શહેરમાં પહોંચ્યાં હતાં.

# સૌરાષ્ટ્ર ના કદાવર બ્રાહ્મણ નેતા ઇન્દ્રનીલ રાજ્યગુરુ અને ગુજરાત બ્રહ્મ સમાજ ના યુવા નેતા વિશાલ દવે સાથે બેઠક



આપ ના યુવા નેતા અને રાષ્ટ્રીય બ્રહ્મ પડકાર ગુજરાત ના મહામંત્રી વિશાલ દવે એ સૌરાષ્ટ્ર ના દિગ્ગજ બ્રાહ્મણ નેતા ઈન્દ્રનીલ રાજ્યગુરુ ની શુભેચ્છા મુલાકાત કરી... મુલાકાત આમ આદમી પાર્ટી માં જોડાતાજ ભેગા થયા બંને બ્રાહ્મણ નેતાઓ ... આમ આદમી પાર્ટી માં બ્રાહ્મણો ને હજુ વધારે મજબૂતી મળે દબદબો બની રહે સાથે સાથે આપ માં વધુ બ્રાહ્મણો જોડાય એની રણનીતિ ગઢવામાં આવી...

જેમાં સૌરાષ્ટ્ર માં ઈન્દ્રનીલ રાજ્યગુરુ અને ગુજરાત માં વિશાલ દવે રણનીતિ પ્રમાણે કામ કરશે સાથે સાથે વધુ બ્રાહ્મણો ને આપ માં જોડાશે ... આગામી સમય ચૂંટણી નો સમય છે અને આપ માં આ બંને બ્રાહ્મણ મજબૂત બ્રાહ્મણ છે જેમને પૂર્ણ બહુમત છે બ્રાહ્મણો નો... જેથી એકબીજા સાથે બેઠક યોજી આગળ કેમ વધવું દરેક જનતા સેવા સારી રીતે કરી શકે એના માટે કામ કરશે....

# આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે ડાંગ જિલ્લામા યોજાશે બ્લોક કક્ષાના ‘આરોગ્ય મેળા‘



આહવા: તા; ૧૭:

સમગ્ર ગુજરાત રાજ્યની સાથે સાથે ડાંગ જિલ્લામા પણ આજે તા.૧૮ એપ્રિલ-૨૦૨૨ થી તા.૨૨ એપ્રિલ-૨૦૨૨, દરમિયાન, દરેક તાલુકાના મુખ્ય મથક ખાતે બ્લોક લેવલના ‘આરોગ્ય મેળા‘નુ આયોજન કરવામા આવ્યુ છે.

તાજેતરમા ડાંગ કલેક્ટર શ્રી ભાવિન પંડ્યાની અધ્યક્ષતામા યોજાયેલી બ્લોક લેવલ હેલ્થ મેળાના આયોજન અંગેની બેઠકમા, સંબંધિત દરેક વિભાગોએ હેલ્થ મેળા દરમિયાન કરવાની થતી કામગીરી બાબતે ચર્ચા વિચારણા કરવામા આવી હતી. દરેક વિભાગો સરકારશ્રીની લોક ઉપયોગી યોજનાઓની લોકોને મહત્તમ જાણકારી અને લાભ મળી રહે તે રીતે આયોજન કરવા કલેક્ટરશ્રીએ સૂચન કર્યુ હતુ.

અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.હિમાંશુ ગામીતે આરોગ્ય મેળાની વિગતો આપતા જણાવ્યુ હતુ કે, આહવા તાલુકામા તા.૧૮/૦૪/૨૦૨૨ના રોજ ડાંગ દરબાર હૉલ આહવા ખાતે, વઘઇ તાલુકામા તા.૧૯/૦૪/૨૦૨૨ના રોજ પી.ટી.સી. કોલેજ-વઘઇ ખાતે, જ્યારે સુબિર તાલુકામા તા.૨૦/૦૪/૨૦૨૨ ના રોજ જૂના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કેમ્પસમા બ્લોક લેવલે આરોગ્ય મેળાનુ આયોજન કરવામા આવનાર છે. જેમા ૧૦ જેટલા જુદા-જુદા વિભાગો પણ ભાગ લેશે. સદર હેલ્થ મેળા દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વિવિધ પ્રોગ્રામ અને યોજનાઓ વિષે જનજાગૃતિ કરવા સાથે, આયુષ્યમાન ભારત ડિજિટલ હેલ્થ મીશન હેઠળ યુનિક હેલ્થ આઇ.ડી. કાર્ડ બનાવવા મદદ કરાશે. ઉપરાંત છમ્ઁ સ્તછરૂ-સ્છ યોજના અંતર્ગત આયુષ્યમાન ભારત કાર્ડ પૂરા પાડવા મદદરૂપ થવા સાથે, વિવિધ કોમ્યુનિકેબલ અને નોન-કોમ્યુનિકેબલ રોગો અંતર્ગત અટકાયતી પગલા જાગૃતિ પણ કેળવાશે. વિવિધ પ્રકારની માસ-મીડિયા અને મીડ-મીડિયા એક્ઝિબિશન મારફતે વેલનેશ બિહેવીયર અપનાવવા, બહોળા જન સમુદાયને પ્રેરીત કરવા, તથા પ્રાથમિક આરોગ્ય સંભાળ અને સેવાઓ અંતર્ગત ઝડપી નિદાન, દવાઓ, ટેલીકન્સલ્ટેશન જેવી પ્રવૃત્તિઓ માટે સ્ક્રીનીંગ સુવિધા ઊભી કરવી જેવા મુદ્દાઓને સાંકળી લેવામા આવ્યા છે.

ડાંગ જિલ્લા સમાચાર.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.